# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૮



# આમંત્રણ પત્રિકા

કહાનગુરુ ચરણ સમર્પિત મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી.........................................

ઉપકૃત હૃદયભીની ગુરુભક્તિ સહ નિવેદન કે ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી તથા તદામ્નાયાનુયાયી શ્રીમદ્ ભગવત્કુંદકુંદ આચાર્યદેવ દ્વારા પ્રણીત સમયસાર આદિ પરમાગમોમાં દર્શાવેલ શુદ્ધાત્મ દ્રવ્યપ્રધાન અધ્યાત્મઅમૃતનું પાન સ્વયં કરી આત્મસાધનાનો પાવન માર્ગ પુનઃ પ્રવાહિત કર્યો છે એવા વીતરાગ જિનધર્મના પરમ ઉપાસક તથા ઉપદેશક, ભાવીના તીર્થંકર, અકારણ કરૂણામૂર્તિ, અધ્યાત્મ તત્ત્વવિભાકર, જિનશાસન દિવાકર, વિદેહી ધર્મદૂત, કરુણાનિધાન, શુદ્ધાત્મવિદ્યાના દાતા, મુમુક્ષુઓના તારણહાર, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૯મો મહામંગલકારી જન્મજયંતી મહોત્સવ ઊજવવાના પવિત્ર ભાવો અમારા પરિવારના અંતરમાં જાગ્યા છે.

તદુપરાંત આપના સદુપદેશથી સ્વાનુભૂતિ પ્રાપ્ત, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલકારી જાતિસ્મરણજ્ઞાનથી પ્રકાશમાં આવેલ આપની પૂર્વની તથા ભવિષ્યની ઉત્તમોત્તમ ભવાવલીથી તથા તેઓશ્રીએ આવા કલ્યાણકારી પ્રસંગો ઉજવવાની આપેલ પ્રેરણાથી અમારા અંતરમાં આપનો મહામંગલકારી જન્મમહોત્સવ ઊજવવાની ઘણા સમયથી વર્તતી ભાવના આજે સાકાર થઈ રહી છે.

આપ ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં ભવિષ્યમાં તીર્થંકર થવાના છો. આ અદ્‌ભુત વાત જાણતા અમારા રોમાંચ ઉલ્લસી જાય છે. આપ વર્તમાનમાં પ્રત્યક્ષ ઉપકારી છો જ. પરંતુ ભવિષ્યમાં પણ અમને મંગળ દેશના સંભળાવી ઉપકાર કરવાના છો એ વિચારતાં જ અમે સૌ રોમાંચિત થઈ જઈએ છીએ અને પુનઃપુનઃ વર્તમાનના પ્રત્યક્ષ ઉપકારી તથા ભાવીના તીર્થંકર ભગવાનનો ૧૨૯મો મંગળકારી જન્મજયંતી મહોત્સવ ઊજવવાનો લાભ અમને વર્તમાનમાં પ્રાપ્ત થયો તેથી અમે અમારા જીવનમાં ધન્યતાનો અનુભવ કરીએ છીએ. આ મંગળ પ્રસંગે અમને આશીર્વાદ પ્રદાન કરો એ જ અભ્યર્થના.

આદરણીય મુમુક્ષુ ગણ ! પરમોપકારી કહાનગુરુદેવની મંગલમય આત્મસાધનાથી પાવન થયેલ તીર્થભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૩-૪-૨૦૧૮, શુક્રવારથી તા. ૧૭-૦૪-૨૦૧૮, મંગળવાર સુધી પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા રચિત ભક્તિસભર મધુર ગીતોના ગુંજારવ સહ ઊજવવામાં આવનાર આ પંચદિવસીય મંગલ મહોત્સવમાં પધારવા આપ સર્વેને અમારું ભાવભીનું નિમંત્રણ છે. આ ઉત્સવ શ્રી તીર્થમંડલ વિધાન પૂજા. પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, કહાનગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચનો, તા. ૧૩-૪-૨૦૧૮થી ૧૭-૦૪-૨૦૧૮ સુધી ચાલનારા ધાર્મિક શિક્ષણવર્ગ, જિનેન્દ્ર તથા ગુરુભક્તિ તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સહ વિવિધ અનુષ્ઠાનોપૂર્વક ઊજવવામાં આવશે. આ ઉત્સવમાં પધારવાથી આપને સુવર્ણપુરીના ઉન્નત જિનાયતનો સ્થિત ભાવવાહી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજનનો, શ્રી બાહુબલી મુનિવરની પ્રતિષ્ઠેય વિશાળકાય પ્રતિમા તેમજ જંબૂદ્વીપમાં પ્રતિષ્ઠેય જિનબિંબોના દર્શનનો પણ લાભ મળશે. આ પ્રસંગને વિવિધ ભજનમંડળીઓ ભાવમયી ભક્તિથી વિશેષ ઉત્સાહમય બનાવશે. માટે આત્મહિતના હેતુભૂત આ કલ્યાણકારી પ્રસંગે આપ સૌ જરૂર પધારશો એવું અમારું પુનઃપુનઃ અતિ આગ્રહભર્યું નિમંત્રણ છે.

પ્રેષક : શ્રી દિગંબર જૈન
સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ
ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪

નિમંત્રક
શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર
ડો. પારસ દોશી—ડો. રૂપલ દોશી, મિનેષ દોશી—વર્ષા દોશી
પ્રીતિ રાકેશ શાહ
અક્ષત, અનુશ્રી, પ્રાપ્તિ, આર્જવ દોશી, ઋષભ, શ્રુતિ, ચક્ષ્વી શાહ

વર્ષ-૧૨
અંક-૮




વિ. સંવત
૨૦૭૪
April
A.D. 2018



અધ્યાત્મયુગ પ્રવર્તક, વીતરાગમાર્ગના જ્યોતિર્ધર,
કલ્યાણમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે સાદર-સમર્પિત

## શ્રદ્ધા-સુમન

અહો વિધાતા! તેં આવા દિવ્ય-કલ્યાણકારી મહાપુરુષની ભારતને ભેટ આપી જગતના જીવો પર મહાન ઉપકારી કરી તારું વિધાતાપણું સાર્થક કર્યું છે. ભારતના આંગણે ઉમરાળા ગામે કહાનગુરુની મંગલ જન્મ-વધાઈ દ્વારા ભારતના ભાગ્યોદયને ગૌરવવંતુ બનાવ્યું છે. જિનશાસનને પ્રાણવંતુ બનાવ્યું છે. જિનેન્દ્રો, મુનિન્દ્રો તથા જ્ઞાનીઓના જ્ઞાનસરિતામાં વહેતાં જ્ઞાનાનંદામૃતના ધોરિયાનું ભવ્યોને પાન કરાવીને, અમર થવાના પંથે દોરીને સનાથ બનાવ્યા છે.

હે નાથ! ચૈતન્યજીવનનો રાહ બતાવી આપે જ અમ પામર જીવોને સજીવન કર્યા છે. શ્રી સમયસાર આદિ મહાન શાસ્ત્રોનું અપૂર્વ શ્રવણ કરાવી અમારા શ્રોત્રની સફળતા કરાવી છે. અજ્ઞાન અંધકારને ભેદવાનો માર્ગ બતાવી અમને નેત્ર આપ્યા છે. હિતાહિતનો વિવેક કરાવી અમને મન આપ્યું છે. ખરેખર અમારા જીવનના આપ જ ઘડવૈયા છો.

અહો ગુરુદેવ! સંસારરૂપી મધદરિયામાં ડૂબકી ખાતાં અમ દુઃખી જીવોને આપે ચૈતન્યજહાજનું શરણ આપીને બચાવ્યા છે. ધર્મસાધનાની ખરી મોસમરૂપ જે આ માનવપર્યાય તેમાં જો આપનું શરણ ન મળ્યું હોત, તો આત્માશ્રિત માર્ગના લક્ષ વિના અમે કોના આધારે જીવન જીવત!

અહો ગુરુદેવ! આપના મુખકમળમાંથી ઝરતી વાણીની શી વાત! તે એવી અનુપમ–રસભરી છે કે તે દિવ્ય અમૃતનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. આપની સૂક્ષ્મવાણી, ચમત્કાર ભરેલી વાણી ભવનો અંત લાવનારી છે. આપ ભારતના ભાનુ છો, આપ જેવા દિવ્ય પુરુષના અવતારથી ભરતક્ષેત્ર ભાગ્યશાળી બન્યું છે. હે ગુરુદેવ! આપ નો પ્રભાવના ઉદય 'યુગ યુગ જીવો' એવી મંગલ કામના સાથે ભક્તિભાવે આપને કોટિ કોટિ વંદન હો.

ગુરુભક્ત શિરોમણિ પૂજ્ય બહેનશ્રીનાં હૃદય-સાગરમાંથી
ઉછળેલાં ગુરુ-ઉપકાર-મહિમા–પ્રકાશતાં





# અણમૂલા રત્નો

## * સંસ્કાર દૃઢ કરવા *

પૂજ્ય ગુરુદેવશ્રી પુરુષાર્થની પ્રેરણા કરતાં કેટલું કેટલું કહે છે! કાંઈ બાકી રાખતા નથી. સહુને પૂજ્ય ગુરુદેવશ્રી બધું તૈયાર કરીને પીરસે છે. બીજા બધા અન્ય મતમાં શું આવે છે તે પણ જોવા જવું પડતું નથી. બધા અન્ય મતનું અતિ સ્પષ્ટતાથી નિરાકરણ થઈ જાય છે. ક્યાંય કંઈ જોવું કે ગોતવું પડતું નથી. અત્યારે તો સઘળું તૈયાર કરીને જ કહે છે. કર્તા, જ્ઞાતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, દૃષ્ટિનો વિષય બધું એકદમ સ્પષ્ટ ચોખ્ખે ચોખ્ખું કરીને આપે છે. વ્યાખ્યાન કેટલાં સ્પષ્ટ આવે છે! જીવની કોઈ ભૂલ રહે જ નહીં, નિરંતર બે-બે કલાક વાણીનો ધોધ વરસે છે. માત્ર તમારે તો સંસ્કાર જ દૃઢ કરવાના છે. ગળે ઉતારવાનું કામ તો પોતાને જ કરવાનું છે.

## * સોનગઢ બોલતું તીર્થ *

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીની ગર્જનાથી ગુંજન કરતું સોનગઢ બોલતું તીર્થ છે. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવના ઉદય કોઈ અપૂર્વ....પરમાગમમંદિરની પ્રતિષ્ઠા....મહાવીર ભગવાન પધાર્યા, જાણે ઉત્સવ લઈને આવ્યા હોય. ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ.... ગામોગામ ઉત્સવ થતો. ધર્મચક્ર ગામેગામ નીકળ્યાં....ધર્મચક્ર જાણે ભગવાન સાથે હોય અને વિહાર કરતું હોય તેવું લાગતું. પ્રભાતફેરી નીકળતી. પરમાગમમંદિરમાં ભજનની રેકોર્ડ વાગ્યા જ કરતી. ભગવાન ધ્વનિ સાથે લઈને આવ્યા ને શ્રુત પણ સાથે લઈને આવ્યા. ભગવાન વિહાર કરતાં. દિવ્યધ્વનિ છૂટતી હોય તેમ વાણી લઈને સોનગઢમાં પધાર્યા અને એ વાણી ભીંતમાં કોતરાઈ ગઈ. કર્તા-કર્મ, જ્ઞેય-જ્ઞાયક બધું ધ્વનિરૂપે ભીંતમાં ચોંટી ગયું. ભગવાનની વાણી અહીં આવી સ્થિર થઈ ગઈ. પરમાગમને આવું સ્પષ્ટ ને ખૂલ્લું કરનાર ગુરુદેવ જ છે. અત્યારે પૂજ્ય ગુરુદેવ જ્ઞાતા-જ્ઞાતાના પોકાર કરે છે. બધાનો ફેંસલો કરીને સીધા રસ્તે, વિકલ્પ વગરનો નિર્વિકલ્પ આત્મા બતાવે છે.

## * કલ્યાણકારી વાણી ટેપમાં *

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર

કેટલા મીઠા હતા! જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણા ભાગ્ય કે ગુરુદેવની એ મંગલમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

### * એક જુઓ ને એક ભૂલો *

ગુરુદેવે પ્રભાવના એવી કરી કે એક જુઓ ને એક ભૂલો. ગુરુદેવ હતા ત્યારે પણ જાતજાતની પ્રભાવના થઈ છે. ધવલ શાસ્ત્રો વર્ષોથી બહારમાં આવ્યા ન હતા, તે ગુરુદેવની હાજરીમાં બહાર પડ્યા. પોન્નૂર અને કુંદાદ્રિ તીર્થો એ પણ ગુરુદેવની હાજરીમાં પ્રસિદ્ધિમાં આવ્યાં. કોઈ આ તીર્થને જાણતું ન હતું. આખા હિન્દી પ્રદેશને ફેરવ્યા હોય તો ગુરુદેવે.

### * શ્રવણનું સૌભાગ્ય *

જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના ભગવાન મળી ગયા. વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય ક્યું? ગુરુદેવે બધાંને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝુકવાનો ઉપદેશ આપ્યો.

### * વિશેષ શીખવાની ઇંતેજારી *

પૂજ્ય ગુરુદેવશ્રી ઘણીવાર પાઘડી રંગવાનું દૃષ્ટાંત આપતા કે—બાપ પોતાના દીકરાને રંગનું કામ શીખવે. દીકરો રોજ રંગ કરી પૂછે, જુઓ પિતાજી, હવે બરાબર ને—? બાપા કહે, હજુ બરાબર નથી. છોકરો ખંત રાખી વિશેષ શીખવાની ઈંતેજારી રાખે તો તે છોકરો હુશિયાર બની જાય જો છોકરો એમ વિચારે કે પિતાજી રોજ મને નાપાસ કરે છે, હું આટલું સરસ કરું છું તોપણ હા પાડતા નથી. એમ સમજી હતાશ થઈ નિરાશ થઈ જાય તો વિશેષ સારું શીખી શકતો નથી. પરંતુ મારે તો હજુ બરાબર ધ્યાન આપી પુરું શીખવું જ છે, તેમ નક્કી કરે તો આગળ વધીને પૂર્ણતા સુધી પહોંચી શકે.

તેમ તત્ત્વ માટે પણ સમ્યક્ દર્શનથી માંડી કેવળજ્ઞાન થાય ત્યાં સુધી હજું બાકી છે. અધૂરું છે, પૂર્ણ નથી તેમ સમજણ રાખે તો તેને કોઈવાર સાચું પ્રગટ થવાનો—કરવાનો અંદરથી પ્રયાસ થશે. માત્ર શાસ્ત્ર વાંચીને ભણી લીધાં. ગોખી લીધાં, ધારણા

થઈ ગઈ અને માની બેસે કે હવે મને બધું આવડી ગયું તો તેને આગળ વધવાનો અવકાશ રહેતો નથી.

### * તીર્થંકર જેવો ઉદય *

પૂજ્ય ગુરુદેવશ્રી તો તીર્થંકરનું દ્રવ્ય છે. આવી વાણીનો આ ધોધ મળે અને પાત્રતા તૈયાર ન થાય તેમ બને જ નહિ. આવા પંચમકાળમાં તો બે કલાકનો પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ ઘણો કલ્યાણકારી છે. તેમનું નિકટ સાન્નિધ્ય આત્માર્થીને તૈયાર થવા માટેનું અપૂર્વ કારણ થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તીર્થંકરની વાણી છે. તેમને અત્યારે તીર્થંકર પરમાત્મા જેવો ઉદય વર્તે છે. વાણીનો જોગ પણ તેવો જ છે. મુનિરાજના યોગ જેવો યોગ છે. પંચમકાળે આવો યોગ!! આવી વાણી અને ઉદય પણ પ્રબળ છે. કેટલી જોરદાર....ધારદાર વાણી! તત્ત્વનો સૂક્ષ્મ ઉપદેશ છે. તેઓ તેના તે જ શબ્દો વારંવાર બોલે છતાં શ્રોતાને રસ વધતો જાય, કંટાળો આવે નહિ. વાણીમાં રસ ઘટતો નથી. તેથી સાંભળતા તૃપ્તિ થતી નથી. તેમની વાણી સાંભળવા મળી તે પણ મહાન પુણ્યનો ઉદય છે.

વસ્તુસ્વભાવ એવો છે કે વાણી કંઈ કરતી નથી, તોપણ બાહ્ય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો જ હોય છે કે ભગવાનની વાણી ખાલી જતી નથી. તેમ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીથી પણ પાત્ર જીવો માર્ગ પામ્યા છે. સ્વાનુભૂતિ પ્રગટ કરી છે.

### * બધાના કાળજાં હલમલાવી નાખ્યાં *

સંસારનો રસ ઊતરી ગયો પણ શુભનો રસ (રુચિ) પણ બધાંને ઊતરી ગયો. ગુરુદેવે એવી દૃઢ શ્રદ્ધા કરાવી છે ને વારંવાર એક આત્મા ઘૂંટાવ્યો છે. ''તું ભગવાન છો, તું પરમાત્મા છો'' એ બોલે તો બધાંનાં કાળજાં હલબલાવી નાખ્યાં છે. સંસારના રસ ઢીલા કરાવ્યા ને અંદર મજબૂત કરાવ્યું. આત્માની મહિમા કરાવી દીધી. ઘુંટાવીને ઘુંટાવીને મહિમા કરાવી. એવી મહિમાથી બોલે કે ગમે તેટલીવાર સાંભળીએ તોય નવું નવું લાગે, ને ફરી બોલે તોપણ ગમે.

### * પુણ્યના થોક ઊછળ્યા વિના... *

આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ દુર્લભ છે. એમનાં દર્શન અને વાણી કેટલી દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતના મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાંને અપૂર્વ લાભ મળ્યો.

## * અગમ્ય દેશમાં *

અહો! પૂજ્ય ગુરુદેવશ્રી સ્વયં ચૈતન્યના રસથી રંગાયેલા હોવાથી શ્રોતાઓને પણ તે રંગના રસથી તરબોળ કરી રંગી દેતા. સૌ એટલા બધા તલ્લીન થઈને એકાકાર થઈ જતાં કે કલાક ક્યાંય પૂરો થઈ જતો—જાણે કોઈ અગમ્ય દેશમાં લઈ જતા હોય. પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમ્યક્શ્રુતના ધોરિયા વહાવ્યા અને અનેક શાસ્ત્રનો સુમેળ કરીને ઘણો ઉકેલ કરીને ન્યાલ કરી દીધા. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયને એકદમ સરળ સ્પષ્ટ ભાષામાં કહેવાની તેમની શૈલી, વાણીની અચિંત્ય શક્તિ, જાણે સાંભળતા જ રહીએ! બાકી તો આપણી ચાંચ તેમાં ક્યાં ડૂબે તેમ હતી?

## * જગતમાં સર્વોત્કૃષ્ટ ગુરુદેવ *

ગુરુદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ હતા, ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આવી ગઈ. જગતમાં સૌથી સર્વોત્કૃષ્ટ જિનેન્દ્ર ભગવાન છે. તેમની વાત ઈન્દ્રો—ગણધરો, દેવેન્દ્રો, રાજેન્દ્રો કોઈ કરી શકતા નથી. દેવો સ્તુતિ કરી થાકતા નથી પણ ભગવાનની બધી વાત કરી શકતા નથી, ગુણાનુવાદ કરીને થાકે છે. ગુરુદેવના ભવોની વાત તો ક્યાંથી થાય! વર્તમાન વાત પણ કરવાની શક્તિ નથી, જે દેવો કરી શકતા નથી તે અમારા જેવા કેમ કરે! ભરતક્ષેત્રમાં મહાપુરુષ જાગ્યા. એમની વાતો ને ગુણાનુવાદ કોણ કરી શકે! પૂજ્ય ગુરુદેવે પ્રભાવના કરી તે વાત પણ કરવી અશક્ય છે, ૪૫ વર્ષો, એના મહિનાઓ, દિવસો, ક્ષણો—પળો બધી ઉત્તમ હોય છે. તે વાત કરવા બેસીએ પણ પૂરી થતી નથી.

## * પંચમકાળના પરમપુરુષ *

પૂજ્ય ગુરુદેવ આ પંચમકાળના પરમ પુરુષ હતા. માર્ગ પ્રકાશનારા, ચારે બાજુથી માર્ગ પ્રકાશનારા, વારંવાર હાથ પકડીને માર્ગ દેખાડતા હોય તેમ કહેનારા હતા. ગુરુનાં વચનો જીવોને વારંવાર જાગૃત કરે છે. શ્રુતની આરાધનાનો ઉત્કૃષ્ટ નમૂનો પંચમકાળમાં કોઈ હોય તો તે ગુરુદેવમાં દેખાતો હતો.

## * કોટિ કોટિ વંદના *

હે પરમકૃપાળુ ગુરુદેવ! આપના ગુણોનો શું મહિમા કરીએ! આપના ઉપકારોનું શું વર્ણન કરીએ! અસલી સ્વરૂપનું જ્ઞાન આપનાર અપૂર્વ મહિમાના ધારક શ્રી ગુરુદેવના ચરણકમળની સેવા-ભક્તિ નિરંતર હૃદયમાં વસી રહો, પરમ-પરમ-ઉપકારી શ્રી ગુરુદેવના ચરણકમળમાં આ સેવકના વારંવાર ભાવભીની ભક્તિથી કોટિ કોટિ વંદન હો, નમસ્કાર હો.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## પ્રયોજનની મર્યાદા : નિશ્ચયનય આદરવારૂપ, વ્યવહારનય જાણવારૂપ

નિશ્ચયનય આદરેલો-આદરવારૂપ પ્રયોજનવાન છે, વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારનય જાણીને આદરવારૂપ પ્રયોજનવાન નથી, પરંતુ વ્યવહારનય હેયરૂપ જાણવા લાયક છે, હેયરૂપ જાણીને છોડવારૂપ પ્રયોજનવાન છે. નિશ્ચયદૃષ્ટિમાં જેને સિદ્ધ સમાન પોતે પ્રતીતમાં આવ્યો છે અને પર્યાયમાં હજુ અપૂર્ણતા છે, જેને શુદ્ધતા વધારવાની છે અને અશુદ્ધતા છોડવાની છે તેવા સાધક જીવને તેટલો વ્યવહારનય જાણેલો તે-કાળે પ્રયોજનવાન છે.

જિનશાસનના પ્રાણસમી સમયસારની ૧૧મી ગાથામાં એમ કહ્યું કે વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે અને શુદ્ધનય સત્યાર્થ છે. ત્યાં અતીન્દ્રિય આનંદનું પ્રયોજન સિદ્ધ કરાવવા ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે ને પર્યાયની દૃષ્ટિ છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યો છે. પર વસ્તુ સર્વથા તેનામાં ન હોવાથી પોતાની અપેક્ષાએ પરને અસત્ કહેવાય છે તેમ પર્યાય, ભેદ આદિને અસત્ કહેતાં સર્વથા આત્મામાં નથી ને?—એમ કોઈ સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ જિનમાર્ગમાં ન પ્રવર્તે તેથી ૧૧મી ગાથા પછી તુરત આ ૧૨મી ગાથામાં પર્યાય પર્યાયમાં છે એમ સિદ્ધ કર્યું છે. પ્રયોજનની સિદ્ધિ અર્થે શુદ્ધનયના અનુભવમાં પર્યાય આદિનો અનુભવ નથી તેથી ગૌણ કરીને અસત્ કહીને શુદ્ધનયની દૃષ્ટિ કરાવવામાં આવી છે. પરંતુ સર્વથા પર્યાય-ભેદ આદિ નથી એમ માનવા જશે તો મિથ્યાત્વનો જ પ્રસંગ આવશે. કારણ કે પર્યાય-ભેદ આદિને સર્વથા અસત્ માનતાં સંસારનો નાશ થવો, મોક્ષની પ્રાપ્તિ થવી, અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો વગેરેની અસ્તિ જ રહેતી નથી. પ્રયોજનની સિદ્ધિ અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો તે પણ પર્યાય છે, અભેદની દૃષ્ટિ કરવી—ત્યાં દૃષ્ટિ પણ પર્યાય છે. જો પર્યાયને સર્વથા નહીં માનવામાં આવે તો અભેદને વિષય બનાવનાર કોણ? જો તું પર્યાય-ભેદાદિને સર્વથા અસત્ માનીશ તો તારી માન્યતા

> જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
> તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮. —શ્રી સમયસાર

વિજ્ઞાન, અદ્વૈતવાદી તથા વેદાંતવાદી જેવી થઈ. તેથી આચાર્યદેવ કહે છે કે "હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય–એ બંને નયોને ન છોડો, કારણ કે વ્યવહારનય વિના મોક્ષમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વનો–વસ્તુનો નાશ થઈ જશે."–તે વાત વિશેષપણે અહીં ૧૨મી ગાથામાં કહે છે :–

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે,
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

જેઓ શુદ્ધનયના આશ્રયે પૂર્ણ શુદ્ધતા પામ્યા છે તેને શુદ્ધનયનું આલંબન લેવાનું રહેતું નથી. તેના જ્ઞાતા થઈ ગયા છે. પરંતુ જેઓ હજુ અપરમભાવે વર્તે છે અર્થાત્ જેમણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોવા છતાં પૂર્ણ શુદ્ધતા પામ્યા નથી એવા સાધક જીવને વ્યવહારનયનો ઉપદેશ કરવા યોગ્ય છે, જાણવા યોગ્ય છે.

ત્રિકાળી નિજતત્ત્વને 'છે' એમ જાણીને આદરમાં જેણે લીધો છે, પ્રતીતમાં જેને આવ્યો છે, એવા સાધક જીવને જ્યાં સુધી પરિપૂર્ણ દશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી પર્યાયમાં તે કાળે અશુદ્ધતાના જે અંશો છે તે જાણેલા તે કાળે પ્રયોજનવાન છે, એટલે કે પરિપૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરવી છે ને પર્યાયમાં અશુદ્ધતા પણ છે તેને હેયરૂપ જાણવી, છોડવાલાયક જાણવી, તેટલું જાણવાનું પ્રયોજન છે. વ્યવહારનયને જાણીને આદરવાની વાત જ નથી; વ્યવહારનયને હેયરૂપ જાણીને છોડવા માટે જાણેલો પ્રયોજનવાન છે.

વ્યવહારનયને જાણીને કરવું શું?

વ્યવહારનય છે તેમ જાણવું, છે તેમ જાણીને આદર કરવા યોગ્ય નથી પરંતુ છે તેમ જાણીને છોડવારૂપ છે, હેયરૂપ છે, તેમ તેને જાણવાનું પ્રયોજન છે. વસ્તુસ્વભાવ, જ્ઞાયકભાવ કૃતકૃત્ય છે, પરિપૂર્ણ છે, તેને કાંઈ કરવાનું છે જ નહીં. તેની દૃષ્ટિ થઈને પરિપૂર્ણ દશા જેને પ્રગટી છે તેને પણ કાંઈ કરવાનું છે જ નહીં. પરંતુ હજુ દૃષ્ટિમાં કૃતકૃત્યતાનો સ્વીકાર આવ્યો છે ને પૂર્ણદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી પર્યાયમાં જે કાળે જેટલી શુદ્ધતા વધી છે ને અશુદ્ધતા ઘટી છે તેને વ્યવહારનય, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. તેથી તેઓ–સાધક જીવો વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

**અથવા કરે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯. –શ્રી સમયસાર**

જેમ જે જીવોને સોળ-વલા શુદ્ધ સુવર્ણનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ છે તેમને પંદરવલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી. પરંતુ જેમને સોળ-વલા શુદ્ધ સુવર્ણનું જ્ઞાન તથા શ્રદ્ધાન છે ને હજુ પ્રાપ્તિ થઈ નથી તેમને પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. તેવી રીતે જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ જ્ઞાયકભાવને પર્યાયમાં પ્રગટ કર્યો છે. એટલે કે જેણે પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરી છે તેને શુદ્ધદ્રવ્યને કહેનાર શુદ્ધનય જ જાણેલો પ્રયોજનવાન છે, પરંતુ જે જીવ મધ્યભાવને અનુભવે છે એટલે કે જેને અખંડ એક પરિપૂર્ણ તત્ત્વના સમ્યક્-શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે ને હજુ પણ પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી એવા મધ્યભાવને અનુભવતા જીવોને, સાધકદશામાં જુદા જુદા સમયે વર્તતી શુદ્ધતાની વૃદ્ધિ અને અશુદ્ધતાની હાનિરૂપ અનેક ભાવોને દેખાડનાર વ્યવહારનયને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. તેથી તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

અગિયારમી ગાથામાં એમ કહ્યું કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વરૂપ તે જ સત્યાર્થ છે ત્યાં પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહી. ત્યારે હવે એ પર્યાય છે કે નહિ?—તેની વાત આ બારમી ગાથામાં કહી છે કે સાધક જીવને આત્માનો અનુભવ થઈ ગયો છે પણ પૂર્ણતાને પ્રાપ્ત થયો નથી એટલે કે અનુભવનો પહેલો સમય એવો જે જઘન્યભાવ તેને વટાવી ગયો છે અને ઉત્કૃષ્ટભાવને પ્રાપ્ત થયો નથી તેથી મધ્યમભાવને અનુભવે છે તેવા સાધક જીવને પર્યાયમાં શુદ્ધતા-અશુદ્ધતાના અંશો છે તે વ્યવહાર છે તેથી તે જાણેલો પ્રયોજનવાન છે; પ્રયોજનવાન છે ખરો, પણ હેયરૂપ—છોડવા લાયક જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય તરીકે જાણેલો પ્રયોજનવાન નથી. સાધકને પર્યાયમાં અશુદ્ધતા વર્તે છે તે વ્યવહારનયનો વિષય છે તેથી તે—તે સમયે વ્યવહારને હેયરૂપ જાણેલો તે કાળે પ્રયોજનવાન હોવાથી તેઓને વ્યવહારનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

એ રીતે પોતપોતાના સમયે બંને નયો કાર્યકારી છે. દ્રવ્યને તે કાળે અભેદ અનુભવવો તે નિશ્ચયનયનું કાર્ય છે ને તે તે કાળે વ્યવહારનયને જાણેલો પ્રયોજનવાન છે. સંવર-નિર્જરાની પર્યાય પણ નાશવાન, આદરવા લાયક નથી તેથી હેય છે, છતાં તે વ્યવહારનયનો વિષય છે તેથી જાણવાલાયક છે.

આચાર્યદેવ કહે છે કે હે ભવ્યો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બંને નયનોને ન છોડો. કારણ કે ચૌદ ગુણસ્થાનો

**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦. –શ્રી સમયસાર**

વ્યવહારનયનો વિષય છે, જો તમે વ્યવહારનયને નહીં માનો તો તીર્થનો નાશ થઈ જશે એટલે કે મોક્ષમાર્ગનો નાશ થઈ જશે. અને જો તમે નિશ્ચયનયને નહીં માનો તો તત્ત્વનો—મોક્ષમાર્ગના કારણનો નાશ થઈ જશે. ચૌદ ગુણસ્થાનો દ્રવ્યમાં નથી તેથી આદરવાલાયક નથી. પણ પર્યાયમાં નથી તેમ માનશો તો મોક્ષમાર્ગનો નાશ થઈ જાય છે. એ રીતે બંને નયોને ન છોડો એટલે કે બંને નયોને યથાપદવી જાણેલા પ્રયોજનવાન છે.

સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં તો વ્યવહાર આદરવારૂપ પ્રયોજનવાન છે ને?—ના, સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે તે જાણવા પૂરતો પ્રયોજનવાન છે. સમ્યગ્દર્શન પહેલાં કેવા નિમિત્ત હોય છે તેટલું જાણવા પૂરતો વ્યવહારનો ઉપદેશ કાર્યકારી છે. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે એટલે કે જેમના ઉપદેશમાં એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવનું લક્ષ કરાવવામાં આવે, વીતરાગતાની પુષ્ટિ કરાવવામાં આવે એવા જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા તેવા ઉપદેશના પ્રણેતા પ્રતિ ભક્તિ—વંદન આદિ વ્યવહારમાર્ગમાં પ્રવર્તવું પ્રયોજનવાન છે. એટલે કે સમ્યગ્દર્શન પહેલાંની જિજ્ઞાસુની ભૂમિકામાં યથાર્થ ઉપદેશનું ગ્રહણ, મનન, ચિંતવન તથા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિ, પૂજા, વિનય-વંદન આદિનો વ્યવહાર હોય છે. તેની ભૂમિકામાં આવું પ્રવર્તન હોય છે તેમ દર્શાવવા તેને વ્યવહાર કહ્યો છે, ખરેખર તો નિશ્ચય સમ્યગ્દર્શન પહેલાં વ્યવહાર કહેવાય પણ નહીં. સમ્યગ્દર્શન પહેલાં કેવા ભાવો હોય છે તેની વાત છે પરંતુ તેનાથી સમ્યગ્દર્શન થાય એમ નથી.

તેવી જ રીતે સમ્યગ્દર્શન થયા પછી પણ પૂર્ણતા પ્રાપ્ત થઈ નથી તેમને પણ જિનવચનનું સાંભળવું, મનન, ચિંતવન તથા જિનબિંબના દર્શન-પૂજન આદિ પ્રવર્તન હોવા ઉપરાંત પરદ્રવ્ય તરફનું લક્ષ એવો જે અવ્રત તેને છોડવારૂપ અણુવ્રત, મહાવ્રત આદિ વ્યવહારચારિત્રનું ગ્રહણનો ભાવ હોય છે—તેમ જ્ઞાયક જાણે છે; પરંતુ તેના લીધે પૂર્ણતા પ્રગટ થતી નથી તેમ જ માને છે. જ્યાં સુધી શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી જો શુભોપયોગરૂપ પ્રવર્તનનો સર્વથા ત્યાગ કરી દે તો અશુભોપયોગરૂપ પ્રવર્તન જ થાય ને નરક-નિગોદમાં પરંપરાએ જાય. માટે જ્યાં સુધી શુદ્ધનયનો વિષય સાક્ષાત્ શુદ્ધાત્માની પ્રાપ્તિ અર્થાત્ પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ એ રીતે પ્રયોજનવાન છે. (ક્રમશઃ) ❊

**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,**
**પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત!—એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧. —શ્રી સમયસાર**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૫)



અહીં કોઈ કહે કે—એ તો બહુ મઝા! જે જોઈએ તે મહેનત વગર મફતમાં મળે! તો તેને કહે છે કે એમાં મઝા નથી. મફતમાં મળે માટે મઝા એ વાત ખોટી છે. જ્યાં પરની ઓશિયાળ પડી ત્યાં જ રાંકાઈ થઈ—પરાધીનતા આવી. ખોરાક, વસ્ત્ર વગેરેની જરૂર માની ત્યાં જ આત્માના ગુણમાં ભિખારાપણું માન્યું છે; માટે તેમાં મઝા નથી. પણ આત્માનો સ્વભાવ કે જેમાં પરની જરૂર જ ન પડે તેનાં શ્રદ્ધા—જ્ઞાન—સ્થિરતામાં સ્વરૂપાનંદની મઝા છે.

સોળ મોટા પુરુષો થયા તે કુલકર કહેવાય છે, તે પિતા સમાન છે—તેમને 'મનુ' પણ કહેવાય છે. તેમના દ્વારા લાલિત—પાલિત થયા એ અપેક્ષાએ મનુના પુત્ર હોવાથી સર્વે મનુષ્ય કહેવાયા; આ રીતે મનુષ્યના કર્મભૂમિમાં જન્મેલા અને ભોગભૂમિમાં જન્મેલા એવા બે પ્રકાર કહ્યા. હવે કર્મભૂમિના પણ બે પ્રકાર છે : આર્ય અને મ્લેચ્છ. પુણ્યક્ષેત્રનિવાસી એટલે કે પૂર્વે પુણ્ય કરીને અવતર્યા તે આર્યક્ષેત્રનિવાસી છે અને પાપક્ષેત્રનિવાસી તે મ્લેચ્છ છે. ભોગભૂમિમાં બધા જુગલિયા તે આર્યક્ષેત્ર નિવાસી છે. આ રીતે મનુષ્યરૂપ વિભાવવ્યંજનપર્યાયના વિશેષ ભેદ બતાવ્યા.

નરક ગતિના સાત પ્રકાર છે. રત્ન, શર્કરા, વાલુકા, પંક, ધૂમ, તમ અને મહાતમ—એવી પ્રભાની ધારણ કરનાર સાત પૃથ્વીઓ છે, તેને નરક કહેવાય છે. તેમાં પહેલી રત્નપ્રભા નરક છે, ત્યાંના જીવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરોપમ છે અને ત્યાર પછી અનુક્રમે ૩, ૭, ૧૦, ૧૭, ૨૨ અને ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે, અને ઓછામાં ઓછું આયુષ્ય પહેલી નરકના નારકીનું દસહજાર વર્ષ છે, ત્યાર પછી અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭ અને છેલ્લીનું ૨૨ સાગરોપમ છે.

તિર્યંચના ચૌદ ભેદ છે. સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય એ સાતેના પર્યાપ્ત અને અપર્યાપ્ત

કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨. —શ્રી સમયસાર

એવા બબ્બે પ્રકાર એ રીતે તિર્યંચના ચૌદ ભેદ છે. લીલોતરી, પતંગિયાં વગેરે તિર્યંચ છે, પૃથ્વીકાય આદિ જીવ પણ તિર્યંચ છે.

દેવપર્યાયના ચાર ભેદ છે; ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસી, એ ચારે દેવોના ભેદ છે. આ રીતે મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ એ ચાર ગતિનું વર્ણન કર્યું, અહીં વિસ્તાર ન કરતાં સંક્ષેપથી કહ્યું છે; કેમકે આ શાસ્ત્રમાં આત્મસ્વરૂપનું કથન છે—તેથી તેમાં ગતિ વગેરેનું વર્ણન વિશેષ નથી.

હવે ટીકાકાર મુનિરાજ જિનદેવને પ્રાર્થના કરે છે :—

(મંદાક્રાંતા)

स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य दैवा--
ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे।
अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नोऽस्तु सूतिः
भूयो भूयो भवतु भवतः पादपङ्केजभक्तिः॥२८॥

હે જિનદેવ વીતરાગ પરમાત્મા! હું દેવલોકમાં હોઉં, મનુષ્યલોકમાં હોઉં, નરકમાં હોઉં કે જિનેન્દ્રભવનમાં હોઉં—ગમે ત્યાં હોઉં પણ મને કર્મની ઉત્પત્તિ ન હો—એટલે ભવ ન હો. અહીં મુનિરાજે 'ગમે ત્યાં હોઉં' એમ કહીને કાંઈ સંસારમાં રહેવાની ભાવના નથી કરી, પણ અપ્રતિહત પુરુષાર્થની એવી ભાવના કરી છે કે એકે ગતિનો ભવ જ ન રહે. 'કર્મ ન હજો' એવી નાસ્તિથી કથન કર્યું; હવે અસ્તિથી કહે છે. હે વીતરાગ પરમાત્મા! ભવોભવ આપના ચરણકમળની ભક્તિ જ પ્રાપ્ત થાઓ; એટલે કે મારા શુદ્ધસ્વરૂપમાં વીતરાગપણે ન ઠરી શકું ત્યાંસુધી આપની ભક્તિનો ઉત્કૃષ્ટ શુભભાવ આવે તેમાં વચ્ચે અશુભભાવ ન જ આવો! વચ્ચે અશુભ નહિ આવે એટલે શુભ પણ અલ્પકાળમાં ટાળીને જ શુદ્ધ થઈ જવાના! કેમ કે એકલો શુભભાવ લાંબો વખત ટકી શકે નહિ એવો નિયમ છે. "ભવોભવ વીતરાગની ભક્તિ હોજો" એમ કહીને મુનિરાજે વીતરાગપણું જ માગ્યું છે. વીતરાગદૃષ્ટિવંત જ વીતરાગપ્રભુના ચરણકમળની ભક્તિ માગે છે, અને તેની જ માગણી સાચી છે. ભવોભવ વીતરાગની ભક્તિ હો એટલે ખરેખર તો આત્માના વીતરાગસ્વભાવનો પ્રેમ કાયમ ટકી રહો. અજ્ઞાનીને તો શુભભાવ

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૦ ઉપર)

**કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,**
**કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.** –**શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે સૂક્ષ્મ અને બાદરનું સ્વરૂપ કહે છે :—

**ण य जेसिं पडिखलणं पुढवीतोएहिं अग्गिवाएहिं ।**
**ते जाण सुहुमकाया इयरा पुण थूलकाया य ॥१२७॥**

અર્થ :—જે જીવો પૃથ્વી, જળ, અગ્નિ અને પવનથી રોકાતા નથી તે જીવોને સૂક્ષ્મ જાણવા તથા જે તેમનાથી રોકાય છે તેઓને બાદર જાણવા.

અહીં આ પ્રકારે વ્યાખ્યા કરીને સમજાવ્યું છે પરંતુ ખરેખર તો જેને સૂક્ષ્મ નામકર્મનો ઉદય છે, તે સૂક્ષ્મ જીવ છે અને જેને બાદર નામકર્મનો ઉદય છે, તે બાદર જીવ છે.

હવે પ્રત્યેક વનસ્પતિ અને ત્રસજીવનું સ્વરૂપ કહે છે—

**पचेया वि य दुविहा णिगोदसहिदा तहेव रहिया य ।**
**दुविहा होंति तसा वि य वितिचउरक्खा तहेव पंचक्खा ॥१२८॥**

અર્થ :—પ્રત્યેક વનસ્પતિ પણ બે પ્રકારની છે. (૧) તે નિગોદ સહિત છે તથા (૨) નિગોદ રહિત પણ છે. વળી ત્રસ પણ બે પ્રકારના છે. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય તથા ચાર ઈન્દ્રિય એ ત્રણ તો વિકલત્રય (ત્રસ) તથા એ જ પ્રમાણે પંચેન્દ્રિય (ત્રસ) છે.

ભાવાર્થ :—જે વનસ્પતિના આશ્રયે નિગોદ હોય તે તો સાધારણ છે તેને સપ્રતિષ્ઠિત પણ કહેવામાં આવે છે; તથા જેના આશ્રયે નિગોદ નથી તેને પ્રત્યેક જ કહેવામાં આવે છે અને એને જ અપ્રતિષ્ઠિત પણ કહેવામાં આવે છે. વળી બે ઈન્દ્રિયાદિકને ત્રસ કહેવામાં આવે છે.

સાધારણ અને પ્રત્યેક વનસ્પતિનું સ્વરૂપ શ્રી ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા ૧૮૫ સે ૧૮૮માં આ પ્રમાણે બતાવેલ છે.

જે વનસ્પતિ મૂળ, અગ્ર, પર્વ, કંદ, સ્કંધ તથા બીજથી ઉત્પન્ન થાય છે તથા જે સંમૂર્ચ્છન છે તે વનસ્પતિઓ સપ્રતિષ્ઠિત તથા અપ્રતિષ્ઠિત બંને પ્રકારની હોય છે.

ઘણીખરી વનસ્પતિઓ મૂળથી ઉત્પન્ન થાય છે; જેમ કે અદરક-હળદર વગેરે. કોઈ વનસ્પતિ અગ્રભાગથી ઉત્પન્ન થાય છે; જેમકે ગુલાબ. કોઈ વનસ્પતિની ઉત્પત્તિ પર્વથી થાય છે; જેમ કે ઈક્ષુ-વેંત આદિ. કોઈ વનસ્પતિ કંદથી ઉત્પન્ન થાય છે, જેમ કે સૂરણ વગેરે. કોઈ વનસ્પતિ

**કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,**
**જે કાંઈ પણ શુભ કે અશુભ ને સર્વને કર્મ જ કરે. ૩૩૪. —શ્રી સમયસાર**

સ્કંધથી ઉત્પન્ન થાય છે; જેમ કે ઢાક વગેરે. ઘણીખરી વનસ્પતિ બીજથી ઉત્પન્ન થાય છે; જેમ કે ચણા–ઘઉં વગેરે, કોઈ વનસ્પતિ પૃથ્વી-જળ આદિના સંબંધથી ઉત્પન્ન થઈ જાય છે અને તે સંમૂર્ચ્છન છે; જેમ કે ઘાસ વગેરે. આ બધી વનસ્પતિ સપ્રતિષ્ઠિત તથા અપ્રતિષ્ઠિત બંને પ્રકારની હોય છે.

જે વનસ્પતિઓની શીરા, સંધી, પર્વ પ્રગટ ન હોય, જેનો ભંગ કરતાં સમાન ભંગ થાય, જેમાં તંતુ ઉત્પન્ન ન થયા હોય તથા જેને કાપતાં પાછી વધી જાય તે સપ્રતિષ્ઠિત વનસ્પતિ છે; તેનાથી ઉલટા પ્રકારની હોય તે બધી અપ્રતિષ્ઠિત સમજવી.

જે વનસ્પતિઓનાં મૂળ (હળદર-આદુ વગેરે), કંદ (સૂરણાદિ), છાલ, નવી કુંપલ, ડાળી, ફૂલ, ફળ તથા બીજ તોડતાં બરાબર સમભંગે તૂટી જાય તે સપ્રતિષ્ઠિત પ્રત્યેક છે તથા જે બરાબર સમભંગે ન તૂટે તે અપ્રતિષ્ઠિત પ્રત્યેક છે.

જે વનસ્પતિઓનાં કંદ, મૂળ, પાતળી ડાળી તથા સ્કંધની છાલ જાડી હોય તેને સપ્રતિષ્ઠિતપ્રત્યેક (અનંત જીવોનું સ્થાન) સમજવી તથા જેની છાલ પાતળી હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક જાણવી.

હવે, પ્રત્યેક અને ત્રસ જીવનું સ્વરૂપ કહે છે.

આ લીમડાનો એક ટુકડો છે, તે નિગોદ છે અને પાંદડું તે પ્રત્યેક છે. ટુકડામાં અનંત જીવ છે અને પાંદડામાં પણ અસંખ્ય જીવ છે. જુઓ, આ જીવ, પોતાની ચૈતન્યઋદ્ધિને ભૂલીને તેની વિરાધના કરીને કેવી હલકી દશાને પ્રાપ્ત કરી છે—એમ સર્વજ્ઞે જોયું છે. આમ જાણીને રાગ-દ્વેષનો નાશ કરી સર્વજ્ઞતા પ્રગટ કરવી એ જ આત્માનો સ્વભાવ છે.

હવે પંચેન્દ્રિયોના ભેદ કહે છે :—

**पंचक्खा वि य तिविहा जलथलआयासगामिणो तिरिया ।**
**पत्तेयं ते दुविहा मणेण जुत्ता अजुत्ता य ॥१२९॥**

અર્થ :—જળચર, થળચર અને નભચર એ પ્રમાણે પંચેન્દ્રિય- તિર્યંચના ત્રણ પ્રકાર છે. વળી તેઓમાં કોઈ મન સહિત સંજ્ઞી પણ છે તથા કોઈ મન રહિત અસંજ્ઞી પણ છે.

અર્થ :—એ છ પ્રકારના તિર્યંચ તે ગર્ભજ પણ છે તથા સમ્મૂર્ચ્છન પણ છે. તેમાં જે ભોગભૂમિના તિર્યંચ છે તે ગર્ભજ જ છે તથા થલચર અને નભચર જ છે પણ જળચર નથી; અને તેઓ સંજ્ઞી જ છે પણ અસંજ્ઞી નથી.

**કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,—સઘળું કરે,**
**તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫. –શ્રી સમયસાર**

આ ગાથાઓ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ઉપલબ્ધ નથી.

હવે અટ્ઠાણું (૯૮) જીવસમાસ તથા તિર્યંચોના પંચાશી (૮૫) ભેદો કહે છે :—

**अट्ठ वि गब्भज दुविहा तिविहा संमुच्छिणो वि तेवीसा।**
**इदि पणसीदी भेया सव्वेसिं होंति तिरियाणं॥१३१॥**

અર્થ :—સર્વ તિર્યંચોના પંચાશી (૮૫) ભેદ છે. ત્યાં ગર્ભજના આઠ છે, તે પર્યાપ્ત–અપર્યાપ્તથી સોળ (૧૬) ભેદ થયા, અને સમ્મૂર્ચ્છનના તેવીસ ભેદ છે તે પર્યાપ્ત, અપર્યાપ્ત અને લબ્ધ્યપર્યાપ્તથી (ગુણતાં) ઓગણસીતેર (૬૯) ભેદ થયા. એ પ્રમાણે સર્વ મળી પંચાશી (૮૫) ભેદ છે.

ભાવાર્થ :—પૂર્વે કહેલા કર્મભૂમિના ગર્ભજોના જલચર, થલચર અને નભચર (જીવો) છે; તેના સંજ્ઞી, અસંજ્ઞી ભેદથી છ ભેદ થયા. વળી ભોગભૂમિના થલચરસંજ્ઞી તથા નભચરસંજ્ઞી આઠે ભેદ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી સોળ ભેદ થયા; સમ્મૂર્ચ્છનના પૃથ્વી, અપ્, તેજ, વાયુ, નિત્યનિગોદ, ઇતરનિગોદ અને દરેકના સૂક્ષ્મ તેમજ બાદર મળી બાર (૧૨) ભેદ તથા વનસ્પતિના સપ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત એ બંને મળી ૧૪ ચૌદ તો એકેન્દ્રિયના ભેદ થયા, વિકલત્રયના ત્રણ અને કર્મભૂમિના પંચેન્દ્રિયોના સંજ્ઞિજલચર, અસંજ્ઞિજલચર, સંજ્ઞિથલચર, અસંજ્ઞિથલચર, સંજ્ઞિનભચર તથા અસંજ્ઞિનભચર એ છ ભેદ, એ પ્રમાણે બધા મળી તેવીસ ભેદ થયા. તે બધા પર્યાપ્ત, અપર્યાપ્ત અને લબ્ધ્યપર્યાપ્ત ભેદ કરી ગણતાં (૬૯) ઓગણસીતેર ભેદ થયા. એ પ્રમાણે પ્રથમના સોળ અને આ ઓગણસીતેર મળી પંચાશી (૮૫)–ભેદ થયા.

લોકમાં વિદ્યમાન જીવો કેવા-કેવા પ્રકારના છે ? તેમનું આ વર્ણન છે. જુઓ ! જીવ પોતે આવા અનેક પ્રકારના અવતારમાં ઉત્પન્ન થયો તોપણ તેને તેનું ભાન નથી. આહાહા! અમે તો કેવળજ્ઞાનના કંદ છીએ, સિદ્ધની જાતિના આત્મા છીએ–એવો ભાવ ન કરતા, સર્વ પ્રકારે તત્ત્વની આરાધના કરી નહીં અને આત્મસ્વભાવની વિરાધના કરી તે જીવ આવા સંસારમાં પરિભ્રમણ કરે છે.

પર્યાપ્ત એટલે જેમની પર્યાપ્તિ પૂર્ણ થઈ ગઈ છે. નિવૃત્તિ અપર્યાપ્ત એટલે જેની પર્યાપ્તિ પૂર્ણ થઈ નથી પરંતુ થવાવાળી છે. લબ્ધિ અપર્યાપ્ત એટલે જેની પર્યાપ્તિ પૂર્ણ થવા પહેલા મૃત્યુને પ્રાપ્ત થાય છે. (ક્રમશઃ)

**વળી 'પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઇચ્છે પુરુષને'**
**—એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬. –શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો?

## અપૂર્વ પુરુષાર્થ

જેણે સમ્યગ્દર્શન પ્રગટવાનો પૂર્વે કદી નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈ પણ સંયોગોમાં ભયથી, લજ્જાથી, લાલચથી કે કોઈ પણ કારણથી અસત્‌ને પોષણ નહિ જ આપે. એ માટે કદાચ કોઈ વાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તોપણ તે સત્‌થી ચ્યૂત નહિ થાય—અસત્‌નો આદર કદી નહિ કરે. સ્વરૂપના સાધકો નિઃશંક અને નિડર હોય છે. સતસ્વરૂપની શ્રદ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મ્ય પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. જો સત્‌થી જરાપણ ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય, પણ જે ક્ષણે ક્ષણે સત્‌માં વિશેષ વિશેષ દૃઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદ પુરુષાર્થ પાસે જગતમાં કાંઈ પણ પ્રતિકૂળ જ નથી. એ તો પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો, તેને ડગાવવા ત્રણ જગતમાં કોણ સમર્થ છે? અહો! આવા સ્વરૂપના સાધકોને ધન્ય છે!!

## શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની ભિન્ન ભિન્ન અપેક્ષાઓ

સમ્યગ્દર્શનનું પરમ માહાત્મ્ય છે. દૃષ્ટિનું માહાત્મ્ય બતાવવા માટે સમ્યગ્દૃષ્ટિના ભોગને પણ નિર્જરાનું કારણ કહ્યું છે. સમયસાર ગાથા ૧૯૩માં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ઈન્દ્રિયો વડે ચેતન તથા અચેતન દ્રવ્યનો જે ઉપભોગ કરે છે તે સર્વ નિર્જરાનું નિમિત્ત છે; અને તેમાં જ મોક્ષ અધિકારમાં છઠ્ઠા ગુણસ્થાને મુનિને જે પ્રતિક્રમણાદિની શુભવૃત્તિ ઊઠે તેને પણ વિષકુંભ કહેલ છે. સમ્યગ્દૃષ્ટિની અશુભ લાગણી તે નિર્જરાનું કારણ અને મુનિની શુભ લાગણી તે ઝેર—આનો મેળ કઈ રીતે છે?

જ્યાં સમ્યગ્દૃષ્ટિના ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે ત્યાં 'ભોગ સારા છે' એમ બતાવવું નથી પણ દૃષ્ટિનું માહાત્મ્ય બતાવવું છે. અબંધસ્વભાવની દૃષ્ટિનું જોર બંધને સ્વીકારતું નથી–તેનો મહિમા કર્યો છે, એટલે કે દૃષ્ટિ અપેક્ષાએ તે વાત કરી છે. ભોગની લાગણી વખતે પણ શ્રદ્ધામાં બંધન નથી, શ્રદ્ધા અબંધસ્વભાવને સ્વીકારે છે, તે શ્રદ્ધા તો નિર્જરાનું જ કારણ છે.

**એ રીત 'કર્મ જ કર્મને ઇચ્છે'—કહ્યું છે શ્રુતમાં,**
**તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭. –શ્રી સમયસાર**

જ્યાં મુનિની વ્રતાદિની શુભ લાગણીને ઝેર કહ્યું છે ત્યાં ચારિત્ર અપેક્ષાએ વાત કરી છે. અરે, મુનિ! તેં શુદ્ધાત્મચારિત્ર અંગીકાર કર્યું છે, પરમ કેવળજ્ઞાનની ઉત્કૃષ્ટ સાધકદશા પ્રાપ્ત કરી છે અને હવે જે પ્રતિક્રમણાદિની શુભ લાગણી ઊઠે તે તારા શુદ્ધાત્મચારિત્રને અને કેવળજ્ઞાનને રોકનાર છે માટે તે ઝેર છે.

સમ્યગ્દષ્ટિને સ્વભાવદષ્ટિનું જોર છે તે નિર્જરાનું કારણ છે, અને દષ્ટિમાં તેઓ બંધને પોતાનું સ્વરૂપ માનતા નથી, રાગના કર્તા પોતે થતા નથી તેથી તેમને અબંધ કહ્યા છે, પરંતુ ચારિત્ર અપેક્ષાએ તો તેમને બંધન છે. જો ભોગથી નિર્જરા થતી હોય તો વધારે ભોગથી વધારે નિર્જરા થાય! એમ તો હોય નહિ. સમ્યગ્દષ્ટિને જે રાગની વૃત્તિ ઊઠે છે તેને દષ્ટિ અપેક્ષાએ તો તે પોતાની માનતા જ નથી, જ્ઞાન અપેક્ષાએ 'પોતાના પુરુષાર્થની નબળાઈ છે તેથી રાગ થાય છે' એમ જાણે છે, અને ચારિત્ર અપેક્ષાએ તે રાગને ઝેર માને છે. દુઃખ-દુઃખ લાગે છે. આ રીતે દર્શન-જ્ઞાન અને ચારિત્રમાંથી જ્યારે દર્શનની મુખ્યતાથી વાત ચાલતી હોય ત્યારે સમ્યગ્દષ્ટિના ભોગને પણ નિર્જરાનું જ કારણ કહેવાય છે. સ્વભાવદષ્ટિના જોરે સમયે સમયે તેની પર્યાય નિર્મળ થતી જાય છે એટલે ક્ષણે ક્ષણે તે મુક્ત જ થતા જાય છે. રાગ થાય છે તેને જાણે છે ખરા, પરંતુ સ્વભાવમાં તેને અસ્તિપણે માનતા નથી; અને આ માન્યતાના જોરે જ સ્વરૂપમાં સ્થિરતા થઈ રાગનો સર્વથા અભાવ કરે છે. તેથી સાચી દષ્ટિનો અપાર મહિમા છે.

સાચી શ્રદ્ધા હોવા છતાં જે રાગ થાય છે તે રાગ ચારિત્રની શુદ્ધિને રોકે છે, પરંતુ સાચી શ્રદ્ધાને નુકશાન કરતો નથી, માટે શ્રદ્ધા અપેક્ષાએ તો સમ્યગ્દષ્ટિને રાગ થાય તે બંધનું કારણ નથી પણ નિર્જરાનું જ કારણ છે—એમ કહેવામાં આવે છે. પરંતુ શ્રદ્ધા સાથે ચારિત્રની અપેક્ષા ભૂલવી ન જોઈએ.

ચારિત્ર અપેક્ષાએ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિની શુભવૃત્તિને પણ ઝેર કહ્યું તો પછી સમ્યગ્દષ્ટિના ભોગના અશુભભાવની તો વાત જ શું? અહો! પરમ શુદ્ધસ્વભાવના ભાનમાં મુનિની શુભવૃત્તિને પણ જે ઝેર માને તે અશુભ લાગણીને તો સારી કેમ માને? જેણે સ્વભાવના ભાનમાં શુભવૃત્તિને પણ ઝેર માન્યું છે તે જીવ સ્વભાવના જોરે શુભવૃત્તિને તોડીને પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરશે, પરંતુ અશુભને તો કદાપિ આદરણીય નહિ માને.

**વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,**
**—એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮. –શ્રી સમયસાર**

સમ્યગ્દષ્ટિ જીવ શ્રદ્ધા અપેક્ષાએ તો પોતાને પૂર્ણ પરમાત્મા જ માને છે; છતાં ચારિત્ર અપેક્ષાએ, અધૂરી પર્યાય હોવાથી તરણાંતુલ્ય માને છે એટલે કે હજી અનંત અધૂરાશ છે, એમ જાણીને સ્વભાવની સ્થિરતાના પ્રયત્ન વડે તે ટાળવા માંગે છે; જ્ઞાન અપેક્ષાએ, જેટલો રાગ છે તેના સમ્યગ્દષ્ટિ જ્ઞાતા છે પણ રાગને નિર્જરા કે મોક્ષનું કારણ માનતા નથી, અને સ્વભાવદષ્ટિના જોરે જેમ જેમ પર્યાયની શુદ્ધતા વધતા રાગ ટળતો જાય છે, તેમ તેમ તેનું જ્ઞાન કરે છે. આ રીતે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેની ભિન્ન-ભિન્ન વિવક્ષા સમજવી જોઈએ.

## સમ્યગ્દર્શન—ધર્મ

પ્રશ્ન :—આપ હંમેશાં સમ્યગ્દર્શનની જ વાત કરો છો?

ઉત્તર :—સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન કહે છે કે ‘મને ધારણ કર્યા પછી તારી ઈચ્છા હશે તોપણ તારાથી મલિનતા રાખી શકાશે નહીં, મોક્ષે આવવું જ પડશે!’ મોક્ષનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે, તે વિનાના બધા હવાઈ કિલ્લા છે, કલ્પના છે; માટે પ્રથમ સમ્યગ્દર્શન એ જ કર્તવ્ય છે.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ જાણ્યા વિના દુનિયાએ તેને ઘરઘરની ચીજ કરી નાંખી છે. મોટો ભાગ વીતરાગનો માર્ગ જ ભૂલી ગયા છે. દેહ-મન-વાણીની ક્રિયાથી રહિત જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા સ્વાભાવિક ગુણરત્નોની ખાણ છે, તેમાં અંદર લક્ષ કરે તો ગુણો પ્રગટે. જ્યાં હોય ત્યાં ખોદે તો નીકળેને? માટીની ખાણ ગમે તેટલી ખોદે તોપણ તેમાંથી અનાજ નીકળે નહીં, તેમ પુણ્ય-પાપના વિકારની ખાણ અનાદિથી ખોદે છે, પણ તે તો રાગ છે—વિકાર છે, તેમાંથી અવિકારી ધર્મ પ્રગટે નહીં. માવો જોઈતો હોય તો અફીણવાળાની દુકાને ન પૂછે પણ કંદોઈને ત્યાં જ જાય. એમાં ખબર પડે, પણ ધર્મ ક્યાં મળે? ધર્મની દુકાન ક્યાં છે? તેની ખબર ન મળે, કોઈ બહારના સ્થાનમાં, વાણીમાં કે ચોપડામાં ધર્મ નથી, ધર્મ તો આત્મામાં છે. બીજે ક્યાંય નથી તેથી બહારમાં માન્યું છે કે દયા કરી અથવા પરજીવને બચાવી લીધો એમાં ધર્મ થઈ ગયો; પણ એવા દયાદિના શુભભાવ તો અનંતવાર કરી ચૂક્યો, પરંતુ આત્માને ઓળખ્યો નહીં, અને આત્માને ઓળખ્યા વગર ધર્મ થયો નહિ.

**એ રીત ‘કર્મ જ કર્મને હણતું’—કહ્યું છે શ્રુતમાં,**
**તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં. ૩૩૯.** **–શ્રી સમયસાર**



## પોપટિયા જ્ઞાન વડે દુઃખમાંથી આત્માની રક્ષા નહિ થાય ચૈતન્યપરિણમન વડે જ આત્માની રક્ષા થશે.

આત્માને સમજાય અને જે સમજતા આત્માને શાંતિ થાય—એવી આ વાત છે. એકકોર વીતરાગી શાંતરસનો દરિયો, બીજીકોર સંસારના રાગરૂપ દાવાનળ—તે બંનેને ભિન્ન જાણનારું સમ્યગ્જ્ઞાન રાગના દાવાનળને બુઝાવી નાખે છે, ને આત્માને શાંતિમાં ઠારે છે. જ્યાં આવું સમ્યગ્જ્ઞાન થયું ત્યાં જ્ઞાનીને રાગની મજા ઊડી ગઈ, હવે તેને જ્ઞાનની અતીન્દ્રિય શાંતિમાં જ મજા આવે છે. આવી શાંતિના વેદન વગર આત્માને કદી કષાયો શાંત પડે જ નહી. ભલે ત્યાગી થાય, વ્રત પાળે કે શાસ્ત્રોનું રટણ કરે, એ તો બધું પોપટિયું જ્ઞાન છે.

પોપટિયું જ્ઞાન એટલે શું?

એક હતો પોપટ. તેના માલિકે તેને બોલતા શીખડાવ્યું કે ‘બિલ્લી આવે તો ઊડી જવું...બિલ્લી આવે તો ઊડી જવું...’ એકવાર ખરેખર બિલાડી આવી, ને પોપટને મોઢામાં પકડ્યો, તોપણ બિલાડીના મોઢામાં પડ્યો-પડ્યો પણ તે પોપટ ગોખે છે કે ‘બિલ્લી આવે તો ઊડી જવું....બિલ્લી આવે તો...’ એ ગોખવું શું કામનું! એ ગોખણપટ્ટીથી કાંઈ પોતાની રક્ષા થતી નથી તેમ અંદર ચૈતન્યતત્ત્વ શું છે તેના ભાન વગર “શાસ્ત્રમાં આમ કહ્યું છે, રાગને દુઃખદાયક કહ્યો છે, આત્માને જ્ઞાનસ્વરૂપ કહ્યો છે” એમ પોપટની જેમ રટ્યા કરે કે અંદર તેવા વિકલ્પો કર્યા કરે, પણ ખરેખર વિકલ્પથી પાર થઈને અંતરના ચૈતન્યતત્ત્વમાં પરિણામ જોડે નહિ તો શાંતિ ક્યાંથી થાય? બિલાડીના મોઢાની જેમ તે મિથ્યાત્વના મોઢામાં જ ઊભો રહીને ગોખે છે કે ‘વિકલ્પથી જુદા પડવું....જ્ઞાનરૂપ થવું’ પણ ખરેખર જુદો તો પડતો નથી, જ્ઞાનરૂપ થતો નથી, તો એકલા શાસ્ત્ર ગોખ્યે કાંઈ શાંતિનું વેદન થાય નહીં; અંદર તેવા ભાવરૂપ પરિણમન થવું જોઈએ. અને જેની ચેતના રાગથી જુદી પડી ગઈ છે ને સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમન થયું છે તેણે ‘રાગથી જુદો છું...’ એમ ગોખવું ન પડે. જ્ઞાનને ટકાવવા માટે વિકલ્પ ન કરવા પડે, જેમ કોઈ પોપટને ‘બિલાડી આવે તો ઊડી જવું’ એમ બોલતાં ભલે ન આવડે, પણ બિલાડીનો પ્રસંગ આવે ત્યાં પોતે દૂર ભાગી જાય તો તેની રક્ષા જ થાય છે. તેમ શાસ્ત્ર ભણતર ભલે ઝાઝું ન હોય પણ રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને જેની પરિણતિ ચૈતન્યભાવરૂપે પરિણમી ગઈ છે તેનું જ્ઞાન તો દરેક પ્રસંગે વિકલ્પથી જુદાપણે જ ચૈતન્યમાં વર્તે છે, એટલે જન્મ-મરણથી તેની રક્ષા થાય છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ઉપયોગ પરવડે હણાતો નથી—તેનો શું અર્થ?

ઉત્તર :—પ્રવચનસાર ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના ૯માં બોલમાં ઉપયોગ પર વડે હણાતો નથી તેમ વાત આવી. તેમાં પર વડે તો ઉપયોગનું હરણ અર્થાત્ નાશ થતો નથી પણ મુનિને ચારિત્રદશા હોય ને પછી તે સ્વર્ગમાં જાય છે ત્યાં ચારિત્રદશા નાશ પામે છે તોપણ સ્વના લક્ષે જે ઉપયોગ થયો છે તે નાશ પામતો નથી, હણાતો નથી. સ્વના લક્ષે ઉપયોગ થયો છે તે તો અપ્રતિહત થયો છે, નાશ પામતો નથી.

પ્રશ્ન :—ધર્મ શું છે?—અર્થાત્ સાક્ષાત્ મોક્ષમાર્ગ શું છે?

ઉત્તર :—ચરિત્તં ખલુ ધમ્મો અર્થાત્ ચારિત્ર તે ખરેખર ધર્મ છે, તે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.

પ્રશ્ન :—ચારિત્ર એટલે શું?

ઉત્તર :—શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મામાં ચરવું—પ્રવર્તવું તે ચારિત્ર છે.

પ્રશ્ન :—ચરિત્તં ખલુ ધમ્મો અર્થાત્ ચારિત્ર તે ખરેખર ધર્મ છે, એમ કહ્યું તે ચારિત્રનું સ્વરૂપ શું છે? આવા ચારિત્ર માટે પહેલાં શું હોવું જોઈએ?

ઉત્તર :—શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મામાં ચરવું—પ્રવર્તવું તે ચારિત્ર છે. ચારિત્ર માટે પ્રથમ તો સ્વ-પરના યથાર્થ સ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ; કેમ કે જેમાં એકાગ્ર થવાનું છે તે વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કર્યા વગર તેમાં સ્થિર ક્યાંથી થાય? માટે પ્રથમ જેમાં સ્થિર થવાનું છે તે વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ.

પ્રશ્ન :—વસ્તુના સ્વરૂપનો નિશ્ચય ક્યા પ્રકારે કરવો?

ઉત્તર :—વસ્તુના સ્વરૂપનો આ પ્રમાણે નિશ્ચય કરવો કે—આ જગતમાં હું સ્વભાવથી જ્ઞાયક જ છું; અને મારાથી ભિન્ન આ જગતના જડ—ચેતન સમસ્ત પદાર્થો

એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦. —શ્રી સમયસાર

તે મારાં જ્ઞેયો જ છે. વિશ્વના પદાર્થો સાથે માત્ર જ્ઞેયજ્ઞાયકસંબંધથી વિશેષ કંઈ પણ સંબંધ મારે નથી. કોઈપણ પદાર્થ મારો નથી, ને હું કોઈનાં કાર્યનો કર્તા નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવસામર્થ્યથી જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપે પરિણમી રહ્યો છે, તેની સાથે મારે કાંઈ જ સંબંધ નથી. જે જીવ આવો નિર્ણય કરે તે જ પર સાથેનો સંબંધ તોડીને નિજસ્વરૂપમાં ઉપયોગને જોડે, એટલે તેને જ સ્વરૂપમાં ચરણરૂપ ચારિત્ર થાય. આ રીતે ચારિત્ર માટે પહેલાં વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

પ્રશ્ન :—જો આવું સમજશે તો કોઈ જીવ ત્યાગ અને વ્રતાદિ નહિ કરે?

ઉત્તર :—કોણ ત્યાગ કરે છે? અને શેનો ત્યાગ કરે છે? પરવસ્તુનું તો ગ્રહણ કે ત્યાગ કોઈપણ જીવો કરી શકતા નથી; પોતાના વિકારનો ત્યાગ કરવાનો છે.

પ્રશ્ન :—વિકારનો ત્યાગ કોણ કરી શકે?

ઉત્તર :—જેને વિકારથી ભિન્ન સ્વભાવની પ્રતીતિ થઈ હોય તે જ જીવ વિકારનો ત્યાગ કરી શકે. રાગથી ભિન્ન આતમસ્વભાવને જાણ્યા વગર રાગનો ત્યાગ કોણ કરશે? સમ્યગ્દર્શન વડે રાગથી ભિન્ન સ્વભાવની શ્રદ્ધા કર્યા પછી જ રાગનો યથાર્થ પણે ત્યાગ થઈ શકે છે, પણ જે જીવ પોતાના શુદ્ધસ્વભાવને જાણતો નથી અને રાગ સાથે એકત્વ માને છે તે જીવ રાગનો ત્યાગ કરી શકશે નહિ. માટે આ સમજ્યા પછી જ સાચો ત્યાગ થઈ શકે છે. સાચો ત્યાગ સમ્યગ્દષ્ટિઓ જ કરી શકે છે, મિથ્યાદષ્ટિને તો કોનું ગ્રહણ કરવું અને કોનો ત્યાગ કરવો એનું જ ભાન નથી તો તેને ત્યાગ કેવો?

પ્રશ્ન :—પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરનાર જીવ કેવો હોય છે?

ઉત્તર :—તે જીવ પોતાના આત્માને કૃતનિશ્ચય, નિષ્ક્રિય અને નિર્ભોગ દેખે છે. સ્વ-પરના સ્વરૂપના સંબંધી તેને સંદેહ ટળી ગયો છે, પરદ્રવ્યની કોઈપણ ક્રિયાને તે આત્માની માનતો નથી તેમજ પોતાના આત્માને પરદ્રવ્યમાં પ્રવૃત્તિરૂપ ક્રિયાથી રહિત—નિષ્ક્રિય દેખે છે અને પરદ્રવ્યના ભોગવટા રહિત નિર્ભોગ દેખે છે. આવા પોતાના સ્વરૂપને દેખતો થકો તે જીવ, સંદેહ અને વ્યગ્રતાથી રહિત થયો થકો નિજસ્વરૂપમાં એકાગ્ર થાય છે, નિજસ્વરૂપની ધૂનનો ધૂની થઈને તેમાં તે ઠરે છે. આ રીતે વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરનારને જ ચારિત્ર હોય છે.

**અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',**
**તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—મુનિરાજ અહીં હોય ત્યારે છટ્ઠે, સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય, દેહ છૂટીને સ્વર્ગમાં જાય એટલે ચોથે ગુણસ્થાને આવી જાય તો તેમની પરિણતિમાં ફેર પડતો હશે? એક વખત પરિણતિ આટલી ગાઢી થયા પછી ફેર કેવી રીતે પડતો હશે?

સમાધાન :—સ્વર્ગમાં જાય અને ચોથે આવે ત્યારે જે સ્વાનુભૂતિની દશા અંતર્મુહૂર્તે પરિણમતી હતી તેમાં ફેર પડી જાય છે. ચોથે ગુણસ્થાને હોવાથી દશા ઊભી છે પણ સ્વાનુભૂતિની પરિણતિ જે ક્ષણે ક્ષણે થતી હતી તેમાં ફેર પડી જાય છે—ચારિત્રની લીનતામાં ફેર પડી જાય છે.

સમ્યગ્દર્શનમાં ફેર નથી પડતો – દ્રવ્યદૃષ્ટિ જે જોરદાર છે તેમાં ફેર પડતો નથી; પણ પરિણતિ વારંવાર સ્વરૂપ તરફ જતી હતી તે અંદર નહિ જતાં બહાર રોકાવા માંડી એટલે પૂર્વે (મુનિપણામાં) ગાઢી પરિણતિ થવા છતાં ફેર પડી જાય છે.

પ્રશ્ન :—પુરુષાર્થ અને સંસ્કારને કાંઈ સંબંધ છે?

સમાધાન :—વ્યવહારે સંબંધ કહેવાય, પૂર્વના સંસ્કાર લઈને આવ્યો છે તેથી પુરુષાર્થ જલદી ઊપડે છે તેમ વ્યવહારથી કહેવાય. બાકી તો વર્તમાન પુરુષાર્થ કરે તો થાય. ઘણાંને સંસ્કાર હોય પણ પુરુષાર્થ તો વર્તમાન જ કરવાનો છે. પુરુષાર્થ કરે ત્યારે સંસ્કારને કારણ કહેવાય છે. પૂર્વે જે કાંઈ સંસ્કાર નાખ્યા હોય, તેની યોગ્યતા અંદર પડી હોય, પછી પોતે વર્તમાન પુરુષાર્થ કરે તો સંસ્કાર તેને કારણ થાય. પુરુષાર્થ ન કરે તો સંસ્કાર કારણ થતા નથી. વર્તમાન પુરુષાર્થ તો નવો જ કરવાનો રહે છે.

પ્રશ્ન :—જો પુરુષાર્થથી પ્રાપ્ત થતું હોય તો સંસ્કાર પાડવાથી લાભ શો?

સમાધાન :—સંસ્કાર તેને પુરુષાર્થ ઉપાડવાનું કારણ બને છે, એ લાભ છે. સંસ્કારને કારણ ક્યારે કહેવાય? કે કાર્ય આવે તો કારણ કહેવાય. યથાર્થ રીતે કારણ જો અંદર હોય તો કાર્ય આવે. પુરુષાર્થ સ્વતંત્ર છે અને સંસ્કાર પણ સ્વતંત્ર છે. પુરુષાર્થ કરે તો સંસ્કારને કારણ કહેવાય છે. માટે સંસ્કાર નાખ તેમ કહેવાય. તે સંસ્કાર કાંઈ પુરુષાર્થ ઉપાડી દેતું નથી, પોતે પુરુષાર્થ કરે તો તેને કારણ કહેવાય છે.

પ્રશ્ન :—એમ કહેવામાં આવે છે કે જો ઊંડા સંસ્કાર નાખ્યા હશે, તો આ ભવમાં કાર્ય ન થાય તો બીજા ભવમાં કાર્ય થયા વગર રહેશે નહિ?

સમાધાન :—યથાર્થ કારણ હોય તો કાર્ય આવે જ છે. જો તારું કારણ યથાર્થ હશે તો ભવિષ્યમાં તે તારો પુરુષાર્થ ઉપાડશે. પુરુષાર્થ ઉપાડનારને એમ ભાવના રહેવી જોઈએ કે હું પુરુષાર્થ ઉપાડું. તેને એવી ભાવના ન રહેવી જોઈએ કે સંસ્કાર હશે તો તેની મેળે પુરુષાર્થ ઊપડશે. પુરુષાર્થ ઉપાડનારને તો એવી જ ભાવના રહેવી જોઈએ કે હું પુરુષાર્થ ઉપાડું. જો સંસ્કાર યથાર્થ નાખ્યા હોય તો તેને પુરુષાર્થ ઊપડે જ, તેવો એક સંબંધ છે. છતાં પોતાને ભાવના તો એવી રહેવી જોઈએ કે હું પ્રયત્ન કરું, હું આમ કરું.

પ્રશ્ન :—આત્માના અનુભવ સુધી ન પહોંચી શકે તો ઊંડા સંસ્કાર તો લઈને જાજે. ત્યારે સંસ્કાર અને પુરુષાર્થ એક જાત હોય તેવું લાગે છે?

સમાધાન :—એક જાત નથી. પ્રયત્નમાં તેને બહુ મૂંઝવણ થતી હોય, પ્રયત્ન થઈ શકતો ન હોય અને ખેદ થતો હોય તેને કહે કે આવા સંસ્કાર લઈને જાજે. જો થઈ શકે તો પહેલાં તો તું ઠેઠ સુધી પહોંચી જા, પ્રયત્ન ઊપડતો હોય તો તું ઠેઠ સુધી પહોંચી જા; પણ પ્રયત્ન ન થઈ શકતો હોય તો તું સંસ્કાર નાખજે. સંસ્કારમાં પુરુષાર્થનું બધું કાર્ય આવી જતું નથી.

આવે છે ને? કે "કરી જો શકે પ્રતિક્રમણ આદિ, ધ્યાનમય કરજે અહો!" કરી શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ તું કરજે પણ તે ન બની શકે તો શ્રદ્ધા તો યથાર્થ કરજે. તારાથી બની શકે તો ધ્યાન–ઠેઠ મુનિદશા અને કેવળજ્ઞાન–પ્રગટાવજે. પણ તે ન બની શકે તો શ્રદ્ધા યથાર્થ કરજે, સમ્યગ્દર્શન કરજે અને જો સમ્યગ્દર્શન સુધી પણ ન પહોંચી શકાય તો તેની રુચિ અને ભાવનાના સંસ્કાર નાખજે. ધ્યેય તો, પોતાનો પ્રયત્ન ઊપડે તો, પૂરેપૂરું કરવાનું હોવું જોઈએ. મુનિરાજ પદ્મપ્રભમલ્લધારીદેવ કહે છે કે, બની શકે તો પૂરું જ કરજે, પણ ન બની શકે અને તને મૂંઝવણ થતી હોય તો શ્રદ્ધા તો કરજે. છેવટે તું રુચિનાં બીજ એવાં રોપજે કે જે તને કારણરૂપ નીવડે. પુરુષાર્થ ન ઊપડે તો એકલી રુચિમાં બધું આવી જતું નથી, છતાં જો તારી તેવી ઊંડી ભાવના હશે તો ભવિષ્યે અંદરથી ભાવના ઊપડશે, જે તને પુરુષાર્થ ઊપડવાનું કારણ બનશે. ત્યાં પણ તને એમ થવું જોઈએ કે હું પુરુષાર્થ કરું.

અત્યારે ન થતું હોય તો અભ્યાસ કરજે, તેની દૃઢતા કરજે, વારંવાર તેનું ઘોલન કરજે. હું જ્ઞાયક છું, હું આ નથી, આ વિભાવ મારો સ્વભાવ નથી, મારો સ્વભાવ જુદો છે તેમ વારંવાર તેને દૃઢ કરજે. તે દૃઢતા હશે તો ભવિષ્યે સ્ફુરી આવશે અને પુરુષાર્થ થવાનું કારણ થશે.

## બાળ વિભાગ

# બીજા હાથીની આત્મકથા

પાઠકો ! ગતાંકમાં તમે બીજા હાથીની વાર્તા વાંચી. મરુભૂતિને કમઠ એક મોટી શીલાથી મારી નાખે છે અને મરુભૂતિનો જીવ હાથી થાય છે. તે હાથી અરવિંદ મુનિને જોઈ શાંત થઈને તેમની વાણી સાંભળે છે.

હવે આગળ સાંભળો ! ''અતિ હર્ષની વાત તો એ છે કે આ જ ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી આત્માની આરાધનામાં આગળ વધતાં-વધતાં આઠમાં ભવમાં તમે ભરતક્ષેત્રની ચોવીસીમાં ત્રેવીસમાં તીર્થંકર ત્રિલોકપૂજ્ય તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ થાશો....હવે તમારે માત્ર સાત ભવ બાકી છે....અને તે બધા ભવ આત્માની આરાધના સહિત છે....''

શ્રી મુનિરાજથી પોતાના ભવના અંતની વાત સાંભળી મને અપાર પ્રસન્નતા થઈ....અને ત્યારથી અંતરંગમાં ચૈતન્યરસના પરમ-આનંદનો સ્વાદ ચાખવા માટે મારું મન થવા લાગ્યું. ''આવા વીતરાગી સંતનો મને સમાગમ મળ્યો છે''—એટલા માટે મારે આ જ સમયે કષાયથી ભિન્ન ચૈતન્યરસની અનુભૂતિ કરવી જોઈએ...આમ શાંત પરિણામ દ્વારા મારી ચેતના અંતરમાં ઊતરતી ગઈ....મેં મારા પરમાત્મસ્વરૂપના સાક્ષાત્ દર્શન કર્યા....મને પરમ-આનંદમય સ્વાનુભૂતિ સહિત સમ્યક્ત્વ પ્રાપ્ત થયું.

અહો ! મુનિ ભગવંતના એક ક્ષણમાત્રના સત્સંગે મને મારો પરમાત્મા બતાવ્યો, મારું અક્ષય ચૈતન્ય નિધાન મને પ્રાપ્ત થયું....ભવ-દુઃખનો અંત અને મોક્ષની સાધનાનો આરંભ થયો. મુનિરાજના ઉપકારની તો શી વાત ! ભાષા કે શબ્દ તો મારી પાસે હતા નહીં. તોપણ મનમાં ને મનમાં મેં તેમની સ્તુતિ કરી, શરીરની ચેષ્ટાથી વંદના કરી ભક્તિ વ્યક્ત કરી... પ્રભુ ! આ પામર જીવનો આપે પશુપણું છોડાવી દીધું...હાથીનો આ વજનદાર શરીર હું નહીં, હું તો ચૈતન્ય પરમાત્મા છું. ક્ષણ-ક્ષણમાં અંતર્મુખ પરિણામથી આનંદમય અમૃતની નદી મારા અંતરમાં ઊછળી રહી હતી.... આત્મા પોતાના એકત્વમાં રમવા લાગ્યો....ચૈતન્યની ગંભીર શાંતિમાં સ્થિર થતાં આ ભવથી હું પાર થઈ ગયો...કષાયોની અશાંતિથી આત્મા છૂટી ગયો...હું પોતામાં જ તૃપ્ત-તૃપ્ત થઈ ગયો.

સમ્યગ્દષ્ટિ થયેલો હાથી કહે છે કે—''મારી આવી દશા જોઈને સંઘના મનુષ્યોને ઘણું આશ્ચર્ય થયું. આ કેવો ચમત્કાર ! ક્યાં એક ક્ષણ પહેલાનો પાગલ હાથી ! અને ક્યાં વૈરાગ્યભાવથી શાંતરસમાં મગ્ન હાથી !''

મુનિશ્રીએ તેમને સમજાવતા કહ્યું—

''હે જીવો ! આ હાથી એકાએક શાંત થઈ ગયો—આ કોઈ ચમત્કાર નથી, આ તો

ચૈતન્યતત્ત્વની સાધનાનો પ્રતાપ છે. ...અથવા તેને ચૈતન્યનો ચમત્કાર કહો....કષાય આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો શાંત-ચૈતન્યસ્વરૂપ છે—તેને લક્ષમાં લેતા જ આત્મા ક્રોધથી ભિન્ન પોતાના અતીન્દ્રિય ચૈતન્યસુખનો અનુભવ કરે છે. આ હાથી આ સમયે આવા જ પરમ ચૈતન્ય સુખનો અનુભવ કરી રહ્યો છે. હવે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી ગયો છે....તેનું જીવન ધન્ય થઈ ગયું છે....તે ધર્માત્મા છે...અને ભાવી તીર્થંકર છે.''


લોકોને અપાર પ્રસન્નતા થઈ....ચારે બાજુ આશ્ચર્ય અને હર્ષનું વાતાવરણ છવાઈ ગયું. અનેક જીવોએ મુનિરાજશ્રીની વાત સાંભળીને અને મારી શાંત દશા જોઈને ચૈતન્યની મહિમા સમજીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું.

હું શાંત દૃષ્ટિથી મનુષ્યોને જોઈને ક્ષમા માગી રહ્યો હતો અને મનમાંને મનમાં વિચાર કર્યો કે ''આ મુનિરાજનો ઉપકાર છે, તેમના જ સત્સંગનો પ્રતાપ છે...'', મારું મન તેમના પ્રતિ કૃતજ્ઞતાથી ભરાઈ ઉઠ્યું.

મુનિરાજે પ્રસન્ન થઈને મને આશીર્વાદ આપ્યા.


બંધુઓ ! આ હાથી બીજો કોઈ નહીં પરંતુ આપણા ભગવાન પારસનાથનો જ જીવ છે, પહેલા સિંહ અને પછી હાથીની વાર્તા સાંભળી સત્સમાગમની મહિમાનો વિચાર કરજો. હાથી તિર્યંચ પ્રાણી, મુનિરાજના ક્ષણભરના સમાગમથી ક્રોધને શાંત કરી આત્મતત્ત્વ અને પરમાર્થનું સ્વરૂપ સમજીને પશુપર્યાયમાંથી પણ પરમાત્મા બની જાય છે. તે સત્સમાગમની મહિમા કેટલી ! જીવનમાં આત્મહિત કરવા માટે સત્સમાગમ (સત્સંગ) જેવું બીજું કોઈ સાધન નથી. ક્યારેક મહાભાગ્યે ક્ષણ પૂરતો પણ ધર્માત્માના સત્સંગનો સુયોગ બની જાય તો આળસ કરવી નહીં. સત્સંગનો મહાન લાભ લઈ આત્મકલ્યાણ અવશ્ય કરી લેવું.

પછી, તે હાથીનું શું થયું ? તે સાંભળો—




પછી, આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ જવાથી તે હાથીને અતિશય વૈરાગ્ય થયો....તથા મુનિરાજની સમક્ષ તેણે શ્રાવકધર્મ તથા પાંચ અણુવ્રત ધારણ કર્યા.

એકવાર તે હાથી ક્યાંક કીચડમાં ફસાઈ ગયો, ત્યાં તેને તેના પૂર્વભવના ભાઈ (વેરી) કમઠ કે જે મરીને સર્પ થયો હતો તેણે ડંખ માર્યો. સમ્યક્ત્વ સહિત સમાધિમરણ કરીને હાથી તો સ્વર્ગમાં દેવ થયો અને




સર્પનો જીવ મરીને નરકમાં ગયો. તેના પછીના ભવમાં હાથીનો જીવ મનુષ્ય થઈ મુનિદશા ધારણ કરી ધ્યાનમાં બેઠો હતો ત્યારે કમઠનો જીવ કે જે અજગર થયો હતો તે મુનિરાજને ખાઈ ગયો. ફરીથી તે સ્વર્ગમાં અને અજગર નરકમાં ગયો.

ત્યારબાદ હાથીનો જીવ વજ્રનાભિ ચક્રવર્તી થયો, તે મુનિ થઈને ધ્યાનમાં બેઠા હતા ત્યારે કમઠનો જીવ કે જે શિકારી ભીલ થયો હતો તેણે મુનિરાજને બાણથી છેદી નાખ્યા. ફરીથી તે સ્વર્ગમાં ગયો, ભીલનો જીવ નરકમાં ગયો.



ત્યારબાદ હાથીનો જીવ અયોધ્યા નગરીમાં આનંદકુમાર નામના મહારાજ થયા. ત્યાં વૈરાગ્યપૂર્વક દીક્ષા લઈને સોળકારણ ભાવના દ્વારા તીર્થંકર પ્રકૃતિ બાંધી. આનંદ મુનિરાજ આત્મધ્યાનમાં બેઠા હતા, તે સમયે સિંહ થયેલા કમઠનો જીવ તેમને ખાઈ ગયો....મુનિરાજ સ્વર્ગમાં દેવ થયા અને કમઠનો જીવ નરકાદિમાં ભ્રમણ કરતો-કરતો 'સંગમ' નામનો દેવ થયો.

છેલ્લા ભવમાં તે હાથીના જીવે વારાણસી (કાશી) નગરમાં પારસનાથ તીર્થંકરના



રૂપે અવતાર લીધો...દીક્ષા લઈ મુનિ થઈ આત્મધ્યાનમાં મગ્ન હતા તે સમયે સંગમદેવે ઉપસર્ગ કર્યો, પરંતુ મુનિરાજ આત્મસાધનામાં અડગ રહીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તીર્થંકર પરમાત્મા થયા....ઈન્દ્રોએ આવી આશ્ચર્યકારી મહોત્સવ મનાવ્યો. પ્રભુની અદ્‌ભુત મહિમા જોઈને કમઠનો જીવ તે સંગમદેવને પોતાની ભૂલનું ભાન થયું, ક્ષમા માગી ભક્તિપૂર્વક પ્રભુનો ઉપદેશ સાંભળી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું.

પારસની સાથે લોખંડ પણ સુવર્ણ બની ગયું. ધન્ય છે સત્સંગની મહિમા ! જેના પ્રતાપે હાથીનો જીવ મોક્ષમાર્ગી બની ગયો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (સોળમીવારનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૯મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૯મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૧૦-૩-૨૦૧૮, શનિવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો શ્રીમતી હર્ષાબેન રાજેશભાઈ ઝવેરી જેઓ આ નિમંત્રણ પત્રિકાના સૌજન્યકર્તા છે તેમના નિવાસસ્થાને ગયા હતા. તેમના નિવાસસ્થાને પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન રાખવામાં આવ્યું હતું. પ્રવચનબાદ પત્રિકાની વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે-ગાજતે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. આયોજક શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર વતી શ્રી ડૉ. પારસ દોશી તથા શ્રી મિનેષ દોશી દ્વારા દ્વારા પત્રિકાનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે આજનું સ્વામીવાત્સલ્ય જમણ શ્રીમતી હર્ષાબેન રાજેશભાઈ ઝવેરી તરફથી રાખવામાં આવ્યું હતું. પત્રિકા લેખન માટે અમદાવાદથી ૫ બસો આવી હતી.

**જાતિસ્મરણ વાર્ષિક દિન** : ચૈત્ર વદ-૮, તા. ૮-૪-૨૦૧૮, રવિવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૨૯મી સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન વૈશાખ સુદ ૧૪ તા. ૨૭-૪-૨૦૧૮ થી વૈશાખ વદ ૩, તા. ૨-૫-૨૦૧૮ સુધી— પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### અક્ષય તૃતીયા

વૈશાખ સુદ-૩ તા. ૧૮-૪-૨૦૧૮, બુધવારના દિવસે શ્રી આદિનાથ ભગવાનને આહારદાનનો દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા**

## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૬મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૭-૩-૨૦૧૮ થી ૧૧-૩-૨૦૧૮ સુધી પંચદિવસીય સમારોહપૂર્વક ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

### * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી રત્નત્રય પૂજન વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ (સાંજી-ભક્તિ), ધાર્મિક શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

### * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૧૧-૩-૨૦૧૮ને ગુરુવારના દિવસે મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રી રમેશચંદ્ર નારણદાસ શાહ પરિવાર, સુરેન્દ્રનગરને મળ્યો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી.

---

# SMS સ્પર્ધા-૨૦૧૮

**સૌજન્યકર્તા : લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. બીપીનભાઈ કનૈયાલાલ ભાયાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન બળવંતરાય ભાયાણી**

(૧) SMS સ્પર્ધા-૨૦૧૮માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૨૭૫ SMS સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૨-૨૦૧૮ થી ૨૦-૧૨-૨૦૧૮

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૧૮ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધાની લેખિત પરીક્ષામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :

બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી **SMS** લખીને પરીક્ષામાં ભાગ લઈ શકે છે.

**A** વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.

**B** વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૨૭૫ **SMS** લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૧૮ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૨૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત ૩૦ વર્ષથી નાના સ્પર્ધકોએ પોતાની **SMS** બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

(૫) **SMS** સુવિધા શરૂ કરાવવા માટે આપે પોતાના મોબાઈલમાંથી **SMS** ગુજરાતી ભાષામાં (લીપી અંગ્રેજી) મેળવવા **JOIN SDJSMTG** અને હિંદી ભાષામાં(લીપી અંગ્રેજી) મેળવવા **JOIN SDJSMTH** લખી **9220092200** પર **SMS** કરવો.

**SMS** સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. **9276867578** પર ફોન કરવો અથવા **contact@kanjiswami.org** પર ઈ મેઈલ કરવા વિનંતી.

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ)

પણ એકલો હોઈ શકે નહીં; એકલો શુભભાવ તો જ્યાં આત્માના શુદ્ધસ્વરૂપનું ભાન હોય (પણ હજી વીતરાગદશા પ્રગટી ન હોય) ત્યાં જ રહે, અને તે શુભભાવ પણ હેયબુદ્ધિએ હોવાથી અલ્પકાળમાં ટાળીને શુદ્ધ વીતરાગ થઈ જાય. આચાર્યદેવને શુભ વિકલ્પ ઊઠ્યો છે, 'તે શુભરાગનું નિમિત્ત વીતરાગનું જ આવે—બીજું નહીં' એમ કહ્યું, એટલે વીતરાગના નિમિત્ત તરફનું લક્ષ અલ્પકાળમાં છૂટીને શુદ્ધભાવ પ્રગટ થશે; વીતરાગસ્વભાવ પ્રત્યેનો રાગ રહો, વચ્ચે બીજો કોઈ રાગ ન આવો—એટલે વીતરાગ પ્રત્યેનો રાગ અને વિકલ્પ ટાળીને અલ્પકાળમાં નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરીને વીતરાગ થાઉં—એમ આચાર્યદેવે પૂર્ણતાની ભાવના કરી છે, પરંતુ શુભરાગની ભાવના કરી નથી.

(ક્રમશઃ) ❋

## (૫૬)
# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન
(પાંચ વસ્તુ પૂર્ણ કરો.)

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | પાંચ સિદ્ધક્ષેત્ર | ૧. પાવાપુરી | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫............. |
| (૨) | પાંચ પહાડ રાજગૃહીના | ૧. વિપુલાચલ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૩) | પાંચ જ્ઞાન | ૧. મતિજ્ઞાન | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૪) | પાંચ રત્નો પ્રવચનસાર ગાથા નં. | ૧. ૨૭૨ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૫) | પાંચ રત્નો નિયમસાર ગાથા નં. | ૧. ૭૮ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૬) | પાંચ ભાવ | ૧. ઔપશમિક | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૭) | પાંચ પરમેષ્ઠી | ૧. અરિહંત | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૮) | પાંચ વિદેહક્ષેત્ર | ૧. પૂર્વ ધાતકીખંડ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૯) | અયોધ્યામાં જન્મેલ પાંચ તીર્થંકર | ૧. ઋષભદેવ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૦) | પાંચ ઈન્દ્રિયો | ૧. સ્પર્શ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૧) | પાંચ નામ વીરપ્રભુના | ૧. વીર | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૨) | પાંચ નામ કુંદપ્રભુના | ૧. કુંદકુંદ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |
| (૧૩) | પાંચ શાશ્વત મેરુ તીર્થ | ૧. સુદર્શન મેરુ | ૨............. | ૩.............. |
| | | | ૪............. | ૫.............. |

| | | | |
|---|---|---|---|
| (૧૪) પંચમકાળના પાંચ શ્રુતકેવળી | ૧. વિષ્ણુમુનિ | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |
| (૧૫) પાંચ અનુત્તર વિમાન | ૧. વિજય | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |
| (૧૬) પાંચ પ્રકારે અર્થ | ૧. શબ્દાર્થ | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |
| (૧૭) પાંચ કલ્યાણક | ૧. ગર્ભ | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |
| (૧૮) પાંચ બાલબ્રહ્મચારી તીર્થંકર | ૧. વાસુપૂજ્ય | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |
| (૧૯) પાંચ લબ્ધિ | ૧. ક્ષયોપશમ | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |
| (૨૦) પાંચ પરાવર્તન | ૧. દ્રવ્ય | ૨............. | ૩.............. |
| | | ૪............. | ૫.............. |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ – ૨૦૧૮ના ઉત્તર

(૧) પંડિત દોલતરામજી
(૨) સમ્યક્ જ્ઞાન ચારિત્ર
(૩) આત્માનું, સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન
(૪) અતીન્દ્રિય, આનંદ
(૫) નિર્મળતા
(૬) સ્વરૂપ, સમ્યક્‌દર્શન
(૭) આત્મા, સમ્યક્‌દર્શન
(૮) સ્વભાવના
(૯) આત્મા
(૧૦) જ્ઞાનમય
(૧૧) સમ્યક્‌દર્શન, અતીન્દ્રિય સુખ
(૧૨) શંકાદિ, મરણાદિ
(૧૩) બંધ – મોક્ષ
(૧૪) સંસાર, મોક્ષ
(૧૫) જન્મ-મરણ
(૧૬) સમ્યક્‌જ્ઞાન, અપૂર્વ
(૧૭) જન્મ-મરણ, અમૃત
(૧૮) કેવળજ્ઞાન, ભેદજ્ઞાન
(૧૯) અતીન્દ્રિય સુખ
(૨૦) જ્ઞાન, ચારિત્ર

### સોનગઢ સ્મશાનભૂમિ (LPG Fired Crenatorium)

આ સ્મશાન ભૂમિનું LPG આધારિત મશીનનું ઉદ્‌ઘાટન શ્રી અનંતરાય એ. શેઠ ટ્રસ્ટી શ્રી રાજ ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા રવિવાર તા. ૪-૩-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે. સોનગઢ ગામમાં રહેતા સર્વજનોને અંતિમ સમયે ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. અત્યારસુધી LPGના બદલે લાકડાનો ઉપયોગ કરતા હતા તેમાં જીવહિંસા ખૂબ જ થતી હોવાથી શ્રી અનંતરાય શેઠે સ્વયં રસ લઈને તેઓના ટ્રસ્ટમાંથી LPG આધારિત અંતિમધામ માટેનો ભઠ્ઠો તથા સંપૂર્ણ તેના માટેના મકાનનું બાંધકામ કરાવીને ગ્રામપંચાયતને સોંપેલ છે.

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન માર્ચ–૨૦૧૮ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | આચાર્ય ઉમાસ્વામી | (૧) | તત્ત્વાર્થસૂત્ર |
| (૨) | આચાર્ય કુંદકુંદદેવ | (૨) | અષ્ટપાહુડ |
| (૩) | આચાર્ય જિનસેન | (૩) | હરિવંશપુરાણ |
| (૪) | આચાર્ય પૂજ્યપાદ | (૪) | સમાધિતંત્ર |
| (૫) | આચાર્ય સમન્તભદ્ર | (૫) | રત્નકરંડ શ્રાવકાચાર |
| (૬) | આચાર્ય અકલંકદેવ | (૬) | તત્ત્વાર્થવાર્તિક |
| (૭) | આચાર્ય રવિષેણ | (૭) | પદ્મપુરાણ |
| (૮) | કવિવર ધનંજય | (૮) | વિષાપહારસ્તોત્ર |
| (૯) | પંડિત દૌલતરામ | (૯) | છઢાળા |
| (૧૦) | પંડિત રાજમલ્લજી | (૧૦) | સમયસાર કળશટીકા |
| (૧૧) | પંડિત બનારસીદાસજી | (૧૧) | નાટક સમયસાર |
| (૧૨) | પંડિત ટોડરમલજી | (૧૨) | મોક્ષમાર્ગપ્રકાશક |
| (૧૩) | આચાર્ય યોગીન્દુદેવ | (૧૩) | યોગસાર |
| (૧૪) | પંડિત દીપચંદજી | (૧૪) | ચિદ્‌વિલાસ |
| (૧૫) | આચાર્ય પુષ્પદંત, ભૂતબલી | (૧૫) | ધવલા |
| (૧૬) | આચાર્ય અમિતગતિ | (૧૬) | સામાયિક પાઠ |
| (૧૭) | આચાર્ય માનતુંગ | (૧૭) | ભક્તામર સ્તોત્ર |
| (૧૮) | ધર્મદાસ ક્ષુલ્લક | (૧૮) | સમ્યગ્જ્ઞાનદીપિકા |
| (૧૯) | કુમુદચંદ્ર આચાર્ય | (૧૯) | કલ્યાણમંદિર સ્તોત્ર |
| (૨૦) | શિવકોટિ આચાર્ય | (૨૦) | ભગવતી આરાધના |

## (૫૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) ............ સિવાય બીજું કોઈ જગતમાં સુખનું કારણ નથી.
(૨) .......... માં બુદ્ધિ જોડવાથી હિત થાય.
(૩) ........... વડે સુખ મળે અને દુ:ખ ટળે.
(૪) કેવળજ્ઞાન અચિંત્ય .......... થી ભરેલું ને મહાન ......... સુખ સહિત છે.
(૫) મતિ-શ્રુતજ્ઞાન ............ વખતે પ્રત્યક્ષ છે.
(૬) સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે મતિ-શ્રુતજ્ઞાન ........... છે.
(૭) આત્મા ...........હોવાથી તેને જાણવામાં ઈન્દ્રિયનું નિમિત્ત નથી.
(૮) ............ વડે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.
(૯) આ અંધારું છે એમ જે જાણે છે તે ............ છે.
(૧૦) આંખથી દેખાય છે તે ........... જ્ઞાન છે અને આંખ વગર દેખાય તે ......... જ્ઞાન છે.
(૧૧) આત્માનો અનુભવ થતા .......... આનંદરસની ધારા ઉલ્લસે છે.
(૧૨) મહાવીરના આત્માએ ............ ના ભવમાં અને પારસનાથના જીવે .........ના ભવમાં આત્માનો અનુભવ કર્યો હતો.
(૧૩) બધા સાધક જીવોને ......... મતિ શ્રુતજ્ઞાન નિયમથી હોય છે.
(૧૪) ........... અને ......... ભગવંતોને કેવળજ્ઞાન હોય છે.
(૧૫) ........... વડે અંતરાત્મા અને પરમાત્મપણું પ્રાપ્ત થાય છે.
(૧૬) નમો અરિહંતાણંમાં .......... આત્માની પ્રતીતિ આવવી જોઈએ.
(૧૭) ......... અને .......... ભિન્નતાનો અનુભવ કરવો તે કેવળજ્ઞાનનું કારણ છે.
(૧૮) પોતામાં ભેદજ્ઞાન થઈને ............. થયું ત્યારે .................ની સાચી ઓળખાણ થઈ.
(૧૯) સુખ માટે બીજું કાંઈ શોધમા ........... પ્રગટ કર.
(૨૦) .......... સાધવા માટે મુમુક્ષુનું જીવન છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● માંગલિકનો અર્થ :–‘મંગ’ એટલે પવિત્રતા અને ‘લ’ એટલે પ્રાપ્તિ. આત્મા આનંદસ્વરૂપ છે. તેના આનંદની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. વસ્તુ આનંદ સ્વરૂપ છે. પણ પર્યાયમાં તેની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મંગલ છે. ૨૮૩.

● બીજો અર્થ : મમ્ અને ગલ. પુણ્ય-પાપનો રાગ તે હું ને તેનું ફળ તે હું અહંકાર તે મમ્ અર્થાત્ વિપરીત અભિપ્રાય, તેનો નાશ તે ગલ એટલે કે તે મંગલ છે. પહેલો અર્થ અસ્તિથી છે. આ બીજો અર્થ નાસ્તિથી છે. મિથ્યાત્વનો નાશ તે મમ્+ગલ=મંગલ છે. ૨૮૪.


● કેવો છે ચૈતન્યભાવ ?–કે વિભુ છે અર્થાત્ પોતાના સ્વરૂપમાં વ્યાપનારો છે. પોતાના વિશેષણોમાં વ્યાપનારો, ગુણોનો એકરૂપ વિભુ છે. પોતાના સ્વરૂપમાં વ્યાપનારો ચૈતન્યવિભુ છે. તે પર્યાયમાં આવતો નથી એવો નિર્ણય, એવો અનુભવ પર્યાયમાં છે પણ તે પર્યાયમાં વસ્તુ આવી નથી. અનુભવથી વસ્તુ ભિન્ન છે પણ અનુભવની દૃષ્ટિમાં એકરૂપ વસ્તુ છે કે જે સર્વ કર્મની ઉપાધિથી રહિત છે. અનુભવમાં આવા સંસ્કાર તે એક માત્ર કર્તવ્ય છે. ૨૮૫.

● આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર એવા આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી ? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ જ કરવાનું કહ્યું છે. ૨૮૬.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૮
અંક-૮ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-4-2018
Posted on 1-4-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org